# પંચતંત્ર અને ગીતાબોધ

**લેખક**
ગુલાબરાય જોબનપુત્રા

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

**Panchtantra ane Gitabodh**
Gulabray Jobanputra
Vishamo, Gita Park,
Bhi.Haushing Bord,
Chakkar Road
Shame Kathe
Morbi – 2
Pin – 363642

**પંચતંત્ર અને ગીતાબોધ**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૧૦/-**

**સજાવટ**
દિપ્તી ચૌહાણ

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

# મધ મધતું ગુલાબ

ગુલાબ જેવી મધમધતી મહેંક અને ૭૨ વર્ષની ઉંમરે પણ હૈયે જોબન જેવી હામ એટલે મોરબીના ગુલાબરાય જોબનપુત્રા. જેઓ ઠક્કર લોહાણા જાતિના છે. સામાન્યતઃ ઠક્કર જ્ઞાતિના લોકો વેપાર ધંધો કરે છે, પણ આપણા ગુલાબભાઇએ શિક્ષણ ક્ષેત્ર પસંદ કરી એક જુદો જ ચીલો આદર્યો અને શિક્ષણ તથા સાહિત્યનું ખેડાણ કર્યું છે. પ્રથમ શિક્ષક અને પછી રંગપુર માધ્યમિક શાળાના આચાર્ય બન્યા. શિક્ષક આજીવન શિક્ષક છે, તે શિખવે છે અને શિખે છે, જે ગુલાબરાયે પુરવાર કરી બતાવ્યું છે.

અમારાં સામયિકો ‘‘કર્મચારી વર્તુળ(કર્મલોક)’’ અને વર્ગ-૪ કર્મચારી સાથી (સેવક સમાચાર)’’ બંને મંથલી દ્વારા અને સંપર્કમાં આવ્યા ને અમારા સંબંધો ઘનિષ્ઠ બન્યા. તેઓએ વર્ષો સુધી આ બંનેમાં ‘‘એક સવાલ મૈં કરું ?’’ કોલમ સુપેરે સંભાળી તેને ધબકતાં રાખ્યાં હતાં. પ્રશ્નોત્તરી દ્વારા તેમણે ખાસ કરીને માધ્યમિક અને ઉ.મા. શાળાઓના ‘‘ક્લાર્ક પટાવાળા શિક્ષક અને આચાર્ય’’ની અનન્ય સેવા કરી છે. આવો જ વિભાગ તેમણે ‘‘સેકન્ડરી બૂલેટીન’’ માં પણ સંભાળ્યો છે.

શ્રી ગુલાબરાયના આ પુસ્તકમાં ‘‘પંચતંત્ર’’ આધારિત ૪૦ વાર્તાઓ છે. પં. વિષ્ણુશર્મા દ્વારા રચિત આ બોધકથાઓને આશરે બે હજાર જેટલાં વર્ષ થયાં છતાં આજના જમાનાને અપ્રસ્તુત નથી. ‘‘પંચતંત્ર’’ નો દેશ વિદેશની ૫૦ જેટલી ભાષાઓમાં અનુવાદ થયો છે. આપણા લેખકે દરેક વાર્તાને અંતે ‘‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’’ નો શ્લોકાનુવાદ ટાંકી તેને એક નવા જ પરિપ્રેક્ષ્યમાં મૂકી છે, જે ખરેખર સ્તુત્ય છે. આશા છે વાચકોને આ વાર્તાઓનું નવું સ્વરૂપ ગમશે જ.

શ્રી ગુલાબરાયે માત્ર વિદ્યાર્થીઓને જ નહિ પણ પોતાના નીચેના જેવા વિપુલ સાહિત્ય દ્વારા કર્મચારીઓ સહિત સમાજને પણ શિક્ષિત કર્યો છે. બાળ વાર્તાઓ દ્વારા બાળકોને પણ નવપલ્લવિત કર્યાં છે.

શ્રી ગુલાબરાયમું વિપુલ સાહિત્ય

(૧) શિક્ષણ, કાયદો કાનૂન અને વહીવટનાં ૩૫ પુસ્તકો, (૨) નવલિકા સંગ્રહ, (૩) દ્દષ્ટાંતકથા અને પ્રસંગ કથાઓ – ૧૦૦ (૩) બાળવાર્તા સંગ્રહ – ૨ (૪) નર્મદા પરિચય પુસ્તિકા, (૫)ફિલોસોફી ધર્મ માનવ જીવન અને વિકાસ આંગ્લ કવિઓ લેખકો વ. વિવિધ લેખો – ૧૦૦ (૬) જ્યોતિષ પર લેખો, (૭)અન્ય પરચુરણ સાહિત્ય તથા વિવિધ સામયિકોમાં લેખો, વાર્તાઓ વગેરે.

આ વાર્તાઓ અગાઉ રાજકોટના સાપ્તાહિક ‘‘કાઠિયાવાડ એક્સપ્રેસ’’ માં ધારાવાહિક રૂપે પ્રસિદ્ધ થઇ ચુકી છે. હવે તેને એમ.એમ. સાહિત્ય પ્રકાશન આણંદ પુસ્તક રૂપે પ્રગટ કરે છે ત્યારે મારા જુના સ્નેહી હાજી યાકુબભાઇને ધન્યવાદ પાઠવ્યા સિવાય રહી શકતો નથી.

આ ઢળતી ઉંમરે પણ ગુલાબરાયની સર્જન યાત્રા ચાલુ જ છે, તેઓ અક્ષરદેહથી અમર છે. ગુલાબની વધુ પમરાટ પ્રસારવાળા ભગવાન મારા પરમ મિત્ર જોબનપુત્રા સાહેબને નિરામય દીર્ઘાયુ બક્ષે તેવી અંતર પ્રાર્થના...

પૂર્વ પ્રમુખ :- બૃહદે ખે.જિ. વહીવટી સંઘ

સ્થાપક તંત્રી :- કર્મચારી વર્તુળ, સેવક સમાચાર ખંભોળજ,

જિ. આણંદ

મો. ૯૪૨૯૦ ૩૧૦૧૯

મનહર લાલ પી. જોશી

ઉમરેઠ રત્ન બ્રહ્મર્ષિરત્ન

બી.એ., એલ.એલ.બી. (સ્પે),

ડી.ટી.પી.

## પ્રસ્તાવના

પંચતંત્રની વાર્તાઓ (આશરે ૧ થી ૫ સદી) પં. વિષ્ણુ શર્માએ સંસ્કૃતમાં લખેલી, આ વાર્તાઓ પાંચ તંત્રમાં વિભક્ત છે, તેથી ‘‘પંચતંત્ર’’ તરીકે જાણીતી છે. આ વાર્તાઓના ઉદ્ભવ અંગે એક કથા છે. દક્ષિણના મહિલારોપ્ય નગરના રાજા અમરસિંહે (નામ ભેદે અમર શક્તિ) પોતાના પુત્રોને કેળવવા પં. વિષ્ણુશર્માને આમંત્રણ પાઠવ્યું. પં.વિષ્ણુશર્માએ તેમને કેળવવા છ મહિનાનો સમય માંગ્યો, દરમિયાન આ વાર્તાઓ રચી કાઢી. આ વાર્તાઓનું મૂળ ગુણાઢ્ય પહેલી કે બીજી સદીની પૈશાચી વાર્તાઓમાં હોવાનું મનાય છે. આ વાર્તાઓના પહેલવી, અરબી, ફ્રેંચ, જર્મન, અંગ્રેજ, સ્વીડીશ, ડચ, પોલીશ, હગેરિયન, ગ્રીક જેવી પચાસ ભાષાઓમાં લગભગ બસો પાઠાંતરો રુપે અનુવાદ થયા છે. પંચતંત્રની આ અદ્ભૂત વાર્તાઓને ગીતાના સંદર્ભે મૂકીને તેને એક નવું પરિમાણ બક્ષ્યું છે.

અહીં ગીતા એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા. મહાભારતના ભીષ્મ પર્વના ૨૫ માં અધ્યાયથી ૪૨ માં અધ્યાય સુધીનું નામ શ્રીમદ્ ભગવદ્ગીતા છે. ગીતા, વેદો, ઉપનિષદો, બ્રાહ્મણો, યોગ, સાંખ્ય, વગેરેનું અભિષ્ટ દોરન છે. ગીતાનું અમુક ચિંતન મૌલિક છે. ગીતાની શ્લોક સંખ્યા અંગે મતભેદ છે. હાલમાં ૭૦૦ શ્લોકની ગીતા પ્રચલિત છે. ગીતામાં પ્રક્ષેપો ઉમેરાયાનો મત છે. અહીં બધા જ શ્લોકો ગીતાના મૂળ શ્લોકો છે, તેમ માનીને દરેક વાર્તાને અંતે તે ટાંક્યા છે. પંચતંત્રની

૪૦, વાર્તાઓ સાથે ગીતાના ૧૨ અધ્યાયના ૧૦૫ શ્લોક ગૂંથવામાં આવ્યા છે. આ ગૂંથણીમાં પંચતંત્રની વાર્તાઓ કે ગીતાના અસલ શ્લોકોનું સ્વરૂપ જાળવ્યું નથી. જરૂર પડી ત્યાં વાર્તાઓ લંબાવી છે, ટુંકાવી છે, અને ક્વચિત્ ફેરફાર પણ કર્યો છે. એ જ રીતે ગીતાના શ્લોકોને શબ્દ સઃ ટાંક્યા નથી. વાર્તાને ઉપકારક નીવડે તેવું સારતત્ત્વ ટાંક્યું છે.

આ વાર્તાઓ પંચતંત્રમાં જે ક્રમમાં છે, તે ક્રમમાં નથી, ગીતાના અધ્યાયના ક્રમમાં ગોઠવી છે.

પં.વિષ્ણુ શર્મા એક બીજી વાર્તાઓને ગૂંથતા ગયા છે, પણ અહીં તે સ્વતંત્ર ક્રમમાં છે.

વાર્તાના માધ્યમથી ગીતાનો બોધ સરળ થશે, અને પંચતંત્રની વાર્તાઓનું નવું મૂલ્યાંકન થશે.

આ ગ્રંથ રચના વખતે ''શ્રીમદ્ ભગવદ્ ગીતા'' ગીતાપ્રેસ ગોરખપુર, જીવન પ્રદીપ, કાકા સાહેબ કાલેલકર, ગીતા અને કુરાન, પં.સુદરલાલ અને પંચતંત્રની વાર્તાઓના જુદા જુદા પ્રકાશનો અવલોક્યાં છે. હું તે તમામ ગ્રંથકર્તાઓનું ઋણ સ્વીકારું છું.

શ્રી યાકુબભાઈ, એમ.એમ.સાહિત્ય પ્રકાશન, આણંદ નો આ પ્રકાશન હાથ ધરવા બદલ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ નવતર પ્રયોગ આવકાર્ય બનશે તેવી શ્રદ્ધા છે.

ગુલાબરાય જોબનપુત્રા

મોરબી – તા. ૨૬/૫/'૧૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વાર્તા - ૧ | ૧ |
| ૨. | વાર્તા - ૨ | ૩ |
| ૩. | વાર્તા -૩ | ૫ |
| ૪. | વાર્તા -૪ | ૭ |
| ૫. | વાર્તા -૫ | ૮ |
| ૬. | વાર્તા -૬ | ૧૦ |
| ૭. | વાર્તા -૭ | ૧૧ |
| ૮. | વાર્તા -૮ | ૧૪ |
| ૯. | વાર્તા -૯ | ૧૬ |
| ૧૦. | વાર્તા -૧૦ | ૧૮ |
| ૧૧. | વાર્તા -૧૧ | ૨૦ |
| ૧૨. | વાર્તા -૧૨ | ૨૨ |
| ૧૩. | વાર્તા -૧૩ | ૨૪ |
| ૧૪. | વાર્તા -૧૪ | ૨૬ |
| ૧૫. | વાર્તા -૧૫ | ૨૮ |
| ૧૬. | વાર્તા -૧૬ | ૩૦ |
| ૧૭. | વાર્તા -૧૭ | ૩૨ |
| ૧૮. | વાર્તા -૧૮ | ૩૪ |
| ૧૯. | વાર્તા -૧૯ | ૩૫ |

| | | |
|---|---|---|
| ૨૦. | વાર્તા-૨૦ | ૩૬ |
| ૨૧. | વાર્તા-૨૧ | ૩૮ |
| ૨૨. | વાર્તા-૨૨ | ૩૯ |
| ૨૩. | વાર્તા-૨૩ | ૪૧ |
| ૨૪. | વાર્તા-૨૪ | ૪૩ |
| ૨૫. | વાર્તા-૨૫ | ૪૪ |
| ૨૬. | વાર્તા-૨૬ | ૪૫ |
| ૨૭. | વાર્તા-૨૭ | ૪૬ |
| ૨૮. | વાર્તા-૨૮ | ૪૭ |
| ૨૯. | વાર્તા-૨૯ | ૪૯ |
| ૩૦. | વાર્તા-૩૦ | ૫૧ |
| ૩૧. | વાર્તા-૩૧ | ૫૩ |
| ૩૨. | વાર્તા-૩૨ | ૫૫ |
| ૩૩. | વાર્તા-૩૩ | ૫૭ |
| ૩૪. | વાર્તા-૩૪ | ૫૯ |
| ૩૫. | વાર્તા-૩૫ | ૬૧ |
| ૩૬. | વાર્તા-૩૬ | ૬૨ |
| ૩૭. | વાર્તા-૩૭ | ૬૩ |
| ૩૮. | વાર્તા-૩૮ | ૬૫ |
| ૩૯. | વાર્તા-૩૯ | ૬૭ |
| ૪૦. | વાર્તા-૪૦ | ૬૯ |





## વાર્તા - ૧

એક ઝાડ ઉપર કાગડો, કાગડી અને તેના બચ્ચાં રહેતાં હતાં. ઝાડ ની નીચે દર હતું. તે દરમાં એક નાગ રહેતો હતો. એકવાર તે ઝાડ ઉપર ચડી ગયો અને બચ્ચાંઓને ખાઇ ગયો. કાગડી રોઇ પડી. તેણે કાગડાને કહ્યું. ''હવે આપણે અહીં રહેવું નથી. આપણે આ માળો છોડીને જતાં રહીએ.'' કાગડાએ કહ્યું, ''પણ મારાથી આ માળાની મમા છોડી શકાશે નહીં.'' કાગડીએ કહ્યું, ''પણ આપણો આ દુશ્મન આપણને પણ ખાઇ જશે.'' કાગડો વિચારમાં પડી ગયો. તે ઝાડથી થોડે દૂર એક નદી વહેતી હતી. રાજાનો કુંવર ત્યાં દરરોજ નહાવા જતો, કાગડાને તે યાદ આવ્યું અને તેને એક ઉપાય સૂઝી આવ્યો. તેણે કાગડીને કહ્યું, ''પેલી નદી જોઇ ?'' કાગડીએ કહ્યું, ''હા, તો ?'' કાગડાએ કહ્યું ''ત્યાં રાજાનો કુંવર દરરોજ સ્નાન કરવા જાય છે, તે કાંઠે પોતાના કપડાં ભેગો સોનાનો દોરો પણ ઉતારીને મૂકી દે છે, તું ઉડતી ઉજતી જજે અને સોનાનો દોરો ઉઠાવી લેજે !'' કાગડીએ પૂછ્યું, ''પણ તેથી શું? '' કાગડાએ કહ્યું, ''મેં કહ્યું તેમ કર !''

બીજે દિવસે કુંવર નદીએ ન્હાવા ગયો, કપડાં ભેગો સોનાનો દોરો પણ ઉતારીને કાંઠે મૂક્યો. કાગડી ઉડતી ઉડતી ગઇ

અને દોરો ઉઠાવી લીધો. કુંવર કાગડીને દેખી ગયો અને તેની પાછળ દોટ મીકી. કાગડી નાગના દર પાસે ગઈ, અને દોરો દરમાં મૂકી દીધો. કુંવરે તે જોયું. તે દર પાસે ગયો અને દોરો લેવા હાથ નાંખ્યો કે નાગે ફૂંફાડો માર્યો. કુંવરે નાગને મારી નાંખ્યો અને દોરો લઈને ચાલતો થયો.

પાછળથી નાગણી આવી. તેણે નાગને મરેલો જોયો. તે દિશાઓ સુંઘતી કુંવરની પાછળ ફૂંફાડા મારતી દોડી. કુંવરે તેના ફૂંફાડા સાંભળ્યા. તેણે પાછું વાળીને જોયું ત્યાં તો નાગણી તેને આંબી ગઈ. કુંવરને પગ ઉપાડવાના હોશ ન રહ્યા. નાગણીએ ક્રોધથી કહ્યું. "તેં મારા ધણીને માર્યો, એમને ?" તેણે કુંવરને દંશ દીધો, કુંવર ઢળી પડ્યો.

ગીતા :- "કર્મની ગતિ ગહન છે. તેનું ફળ ભોગવવું જ પડે છે, પણ જેને કર્મફળની સ્પૃહા નથી તે કર્મથી બંધાતો નથી."

(અધ્યાય ૨ શ્લોક ૪૭,૫૧)



## વાર્તા – ૨

એક તળાવમાં એક કાચબો અને બે હંસ રહેતા હતા. ત્રણે મિત્રો હતા. એક વખત વરસાદ પડ્યો નહિં. તળાવ સૂકાવા માંડ્યું. હંસોને કાચબાની ચિંતા થઈ. એમણે કાચબાને કહ્યું, આ તળાવ તો હમણાં સૂકાઇ જશે, તું અહીં શી રીતે રહેશે ?" કાચબાએ કહ્યું, "એ વિચારવા જેવું તો છે !"

અને એક દિવસ કાચબાએ તળાવ છોડી જવા નિર્ણય કર્યો. પણ જવું કેવી રીતે ? તેણે એક તરકીબ વિચારી. તેણે હંસોને કહ્યું, "તમે એક દોરડું લઇ આવો. તમે તેના સામસામા છેડા પકજી લેજો. હું વચ્ચે ટીંગાઇ જઈશ. પછી તમે ઉડજો અને જ્યાં પાણી હોય ત્યાં મને ઉતારી દેજો !"

બન્ને હંસોને તેની વાત ઠીક લાગી. તેઓ એક દોરડું લાવ્યા, અને ચાંચથી તેના છેડા સામસામાં પકડ્યા. કાચબો મોંથી દોરડું પકડી વચ્ચે લટકી ગયો. યોજના તો ઠીક હતી પણ હંસોને તેમાં એક ભય દેખાણો. ઉડતાં પહેલાં એમણે કાચબાને ચેતવણી આપી કે "અમે ઉડતા હોઈએ ત્યારે મોં ખોલશો નહિ !" કાચબાએ કહ્યું, "ભલે." અને હંસો કાચબાને ઉંચકીને ઉડવા

લાગ્યા. તેઓ એક ગામ ઉપરથી પસાર થયા. લોકોએ આ દૃશ્ય જોયું તો આશ્ચર્ય ચકિત થઈ ગયા, અને બોલવા લાગ્યા, ‘‘જુઓ, જુઓ ! કેવો અદ્‌ભૂત નજારો છે ?’’

કાચબાએ લોકોનો અવાજ સાંભળ્યો. તે મનોમન ફૂલાયો ! તેને થયું ‘‘પોતે કેવો અદ્‌ભૂત કરતબ કર્યો !’’ અને હંસો પાસેથી પ્રશંસાના બે વેણ સાંભલા તે અધીરો થઈ ગયો. તેને હંસોને પૂછવાનું મન થયું. લોકો શી વાતો કરે છે ? પણ બોલવા ગયો કે મો ખુલી ગયું અને તે નીચે પટકાઈને મૃત્યુ પામ્યો.

ગીતા :- ‘‘જે પુરુષ સઘળી કામનાઓ ત્યજી દે છે, અને બધી વાતે નિઃસ્પૃહ થઈ જાય છે, તેની બુદ્ધિ ઠેકાણે રહે છે, તે પુરુષ સ્થિત પ્રજ્ઞ છે.’’ કાચબાએ પ્રશંસા સાંભળવાની કામના ન કરી હોત તો ?

(અધ્યાય ૨, શ્લોક ૫૫,૭૦,૭૧)



## વાર્તા - ૩

એક સાગરને કાંઠે એક ટીંટોડી રહેતી હતી. તેને ઈંડાં મૂકવાનો સમય થયો. તેણે પોતાના પતિને કહ્યું, ‘‘ક્યાંક સલામત જગ્યા ખોળી કાઢો.’’ પતિએ કહ્યું. ‘‘આ સાગર કાંઠાથી વિશેષ સલામત જગ્યા કઈ હોઈ શકે ?’’ ટીંટોડીએ કહ્યું, ‘‘પૂનમે ભરતી આવશે તો ક્યાંક આપણા ઈંડાં તણાઈ જશે !’’ પતિએ ગર્વથી કહ્યું. ‘‘સાગરની એવી શી હેસિયત છે કે તે મારાં ઈંડા તાણી જાય ? તું અહીં જ ઈંડાં મૂક !’’

સાગર બન્નેની વાત સાંભળી ગયો. તેણે ટીંટોડીને બોધ પાઠ ભણાવવાનો નિશ્ચય કર્યો. ટીંટોડી ઈંડા મૂકીને બહાર ગઈ કે સાગર મોડાની એક જ થપાટે ઈંડાં તાણી ગયો.

ટીંટોડી પાછી આવી. તેણે ઈંડાં દેખ્યાં નથી. તે સમજી ગઈ કે સાગર ઈંડાં તાણી ગયો. તેણે કતરાતા સ્વરે પોતાના પતિને કહ્યું, ‘‘મારા વેણ સાચાં પડ્યાં ને ?’’ અને પતિ ઈશ્કેરાયો. તે ચાંચ ભરી ભરીને સાગરને ઉલેચવા લાગ્યો. ટીંટોડીએ પૂછ્યું ‘‘આ શું કરો છો. પાગલતો નથી થઈ ગયા ને ?’’ પતિ ગુસ્સાથી બોલ્યો, ‘‘હું આ આખો સાગર ઉલેચી નાંખીશ.’’ ટીંટોડીએ કહ્યું, ‘‘નાથ, તમે

હારી જશો. જે થવાનું હતું તે થયું, હવે હઠ છોડી દો !'' પતિએ ખુમારીથી કહ્યું, ''હું જાણું છું કે હું હારી જઈશ, પણ હું મારો ધર્મ કેમ છોડું ? હું હારી જઈશ તો પણ હું જીતી ગયેલો જ છું!''

ગીતા :- ''જીવન સિદ્ધિમાં મોટામાં મોટી ખામી હૃયની દુર્બળતા છે. સ્વધર્મ બજાવવામાં હઠવું જોઈએ નહિ, તે માટે લડવું પડે તો તે પાપ નથી, સ્વધર્મે મોત પણ શ્રેયષ્કર છે.''

(અધ્યાય ૨, શ્લોક ૨,૩,૩૧)



## વાર્તા - ૪

એક જંગલમાં એક સિંહ રહેતો હતો. એક દિવસ તે પાણી પીવા નદીએ ગયો. ત્યાં એક આખલો હાકોટા નાંખતો હતો. સિંહ તેના હાકોટા સાંભળીને થરથરી ગયો, તે ભાગીને થોરની એક વાડ પાછળ સંતાઇ ગયો.

સિંહ ભેગું શિયાળ હતું. તે તેનું ચાકર હતું. સિંહ આમ ડરીને સંતાઇ ગયો તેની તેને નવાઇ લાગી.

આખલો જતો રહ્યો. સિંહ વાડ આડેથી નીકળ્યો, શિયાળે તેને પૂછ્યું, ''મહારાજ, આપ ભાગીને કેમ સંતાઇ ગયા ?'' સિંહે કહ્યું, ''તેં હાંકોટા સાંભળ્યા ન હતા ? મારા તો ભયથી રુંવાડાં ઉભાં થઇ ગયાં !'' શિયાળે કહ્યું, ''આપ શૂરવીર છો. આમ ભગાય ? હું ક્ષુદ્ર પ્રાણી છું, છતાંય હું ભાગ્યું નહિ ! આપને આવી દુર્બળતા શોભતી નથી !''

સિંહને ક્ષોભ થયો. શિયાળની વાત સાચી હતી.

ગીતા :- ''શૂરવીરને ભય ન તો સ્વર્ગ આપનારો છે, ન યશ આપનારો છે. શૂરવીરે હૃદયની દુર્બળતાને વશ થવું જોઇએ નહીં.''

''।। ક્ષુદ્રં હૃદય દૌર્બલ્યં ત્યકત્વોત્તિષ્ઠ ! ।।''

(અધ્યાય ૨, શ્લોક ૨,૩)

## વાર્તા - ૫

એક બ્રાહ્મણ હતો. તેની પત્નિએ નોળિયાનું બચ્ચું પાળ્યું હતું. તે તેને પોતાના સંતાનની જેમ સાચવતી.

એક દિવસ તે પાણી ભરવા ગઇ તેને એક દીકરો હતો. તે ઘોડિયામાં સૂતો હતો. તેનું ધ્યાન રાખવા બ્રાહ્મણને કહેતી ગઇ. થોડીવાર થઇ કે બ્રાહ્મણ ભિક્ષા માંગવા નીકળી ગયો. બાળક ઘોડિયામાં રમતું હતું. નોળિયાનું બચ્ચું ઘોડિયા પાસે બેઠું હતું. અચાનક એક નાગ ઘરમાં દાખલ થયો અને ઘોડિયા તરફ ઘસ્યો. નોળિયાનું બચ્ચું જોખમ ભાળી ગયું અને સાપ ઉપર તૂટી પડ્યું. તેણે તેને મારી નાંખ્યો, બાળકને બચાવી લીધું. બ્રાહ્મણી પાણી ભરીને આવી. ઘરમાં દાખલ થતાં જ નોળિયાનું મોઢું લોહીથી ખરડાયેલું જોયું. તેને વહેમ ગયો કે મારા દીકરાને આણે મારી નાંખ્યો છે, અને તે ક્રોધથી ભભૂકી ઉઠી. તેણે ઘડો નોળિયાને માર્યો. તે મરી ગયું. તેણે ઘોડિયા ભણી જોયું તો પોતાનું બાળક ઘોડિયામાં રમતું હતું. તે વાત પામી ગઇ કે નોળિયાના બચ્ચૂએ પોતાના દીકરાને નાગથી બચાવ્યો હતો. તેને ખૂબ દુ:ખ થયું. તેનું હૈયું રડી ઉઠ્યું. પણ શું થાય ? ક્રોધને કારણે ન થવાનું થઇ ગયું !



ગીતા :- “ક્રોધથી મૂઢતા આવે છે. મૂઢતાથી સ્મૃતિભ્રમ થાય છે, સ્મૃતિ ભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે, બુદ્ધિનો નાશ થવાથી પતન થાય છે.

॥ વિવેક ભ્રષ્ટાનાં ભયતિ વિનિપાતઃ શતમુખઃ ॥

(અધ્યાય ૨, શ્લોક ૬૩)

## વાર્તા – ૬

એક જંગલમાં એક સિંહ રહેતો હતો. શિયાળ તેની સેવા ચાકરી કરતું. સિંહ શિકાર કરીને લાવતો અને શિયાળ વધ્યું ઘટ્યું ખાતું. એક વખત સિંહ શિકાર કરતી વખતે ઘવાઈ ગયો. તેનામાં શિકાર કરવાનું કૌવત ન રહ્યું. શિયાળે એકવાર કહ્યું, "હું હવે ભૂખ સહન કરી શકતું નથી !" સિંહે કહ્યું "તું મારી દશા તો જાણે છે, પણ જો તું કોઈને અહીં પકડી લાવતો તેને ફાડી ખાઈએ !" શિયાળ શિકાર શોધવા નીકળી પડ્યું. તેણે એક ગધેડાને જોયો અને કહ્યું, "ભૈયા, આટલા બધા દુબળા કેમ થઈ ગયા છો ?" ગધેડાએ કહ્યું, "મારો માલિક મારી પાસે વૈંતરું કરાવે છે, અને ખાવનું કશું આપતો નથી." શિયાળે કહ્યું, "મારી સાથે જંગલમાં ચાલો, ત્યાં પુષ્કળ ખાવનું મળશે. તમે હટ્ટા કટ્ટા થઈ જશો." ગધેડાએ કહ્યું, "નારે ભાઈ ! મને જંગલમાં સદે નહિં." એટલે શિયાળે તેને લલચાવ્યો. "ત્યાં ત્રણ જુવાન રુપકડી ગધેડીએ રહે છે, તે પરણવા આતુર છે, તમે આવો, લગ્ન કરીને ત્યાં ઠરી ઠામ થઈ જાઓ."

ગધેડો લલચાઈ ગયો. તેને પેલી ગધેડીઓની વાત ગમી. તે ગધેડા સાથે જંગલમાં ગયો. સિંહની બોર્ડ નજીક આવી કે શિયાળે સિંહને ઈશારો કર્યો. સિંહ ગધેડા ઉપર તૂટી પડ્યો. તે



ગધેડાને મારીને સ્નાન કરવા ગયો. શિયાળને કહેતો ગયો, "આનું ધ્યાન રાખજે, હું હમણાં જ સ્નાન કરીને આવું છું." સિંહ જતો રહ્યો કે શિયાળની દાનત બગડી. તે ગધેડાનું મગજ ખાઈ ગયું. સિંહે પાછા આવીને જોયું તો ગધેડાનું મગજ ગાયબ હતું ! તેને શિયાળ ઉપર શંકા ગઈ. તેણે તેને પૂછ્યું. "આનું મગજ ક્યાં છે ?" શિયાળે કહ્યું, "મહારાજ, તેને મગજ ન હતું, જો મગજ હોય તો તે તમારો શિકાર થવા આવે ?"

ગીતા :- "ઇંદ્રિયો જબરી છે, તે મનને જોરથી ખેંચે અને વિષયો તરફ લઈ જાય ! બુદ્ધિ ભ્રષ્ટ કરી નાંખે ! જ્યારે માણસ સર્વશ્રેષ્ઠ તત્ત્વનો સ્વાદ ચાખે ત્યારે જ વિષયો પ્રત્યેનો રસ નષ્ય થાય."

(અધ્યાય ૨, શ્લોક ૫૯,૬૦)

## વાર્તા - ૭

એક વાંદરો હતો. તે એખ જંગલમાં રહેતો હતો. તેને એક વખત તરસ લાગી. તે પાણી પીવા એક તળાવે ગયો. પણ કાંઠે પહોંચ્યો કે અચકાઈને ઉભો રહી ગય.ો તળાવમાં પાણી પીવા જવાનાં પગલાં હતાં પણ પાણી પીને પાછા વળવાનાં પગલાં ન હતાં. તેને તેમાં કંઈક રહસ્ય લાગ્યું. તે તેણે પાણી પીવાનું માંડી વાળ્યું.

તળાવમાં એક રાક્ષસ રહેતો હતો. તે તેને લાગ્યું કે આ વાંદરો વિચક્ષણ છે. તેને તેના ઉપર માન થયું. તેણે તેને કહ્યું, "હું તારી બુદ્ધિમત્તા ઉપર આફરીન છું, તારે જે જોઈએ તે માંગી લે." રાક્ષસે હીરાનો હાર પહેર્યો હતો. વાંદરાને તે ગમી ગયો હતો. તેણે કહ્યું "મને તમારો હાર આપો." રાક્ષસે તરત જ ગળામાંથી હાર કાઢીને વાંદરાને આપી દીધો. વાંદરો ખુશ થઈને કૂદકા મારવા લાગ્યો. તે હારપહેરીને રાજમહેલ તરફ જવા નીકળ્યો. તેને વટ પાડી દેવો હતો. તે રાજમહેલમાં દાખલ થયો કે પહેરેગીરે તેને જોયો. પહેરેગીર રાજા પાસે ગયો અને કહ્યું, "મહારાજ, આપણા મહેલમાં એક વાંદરો આવ્યો છે. તેણે એક સુંદર હાર પહેર્યો છે, એવો હાર તો આપણી પાસે પણ નથી !" રાજાએ વાંદરાને મરાવી નાંખ્યો અને હાર લઈ લીધો. ભોગેચ્છા આવી છે !



ગીતા :- "જેઓ ભોગ અને ઐશ્વર્યમાં આસક્ત છે, તેવા માણસોને પરમાત્મામાં નિશ્ચિયાત્મક બુદ્ધિ હોતી નથી, જેની ભોગોમાં આસક્તિ નથી તે પરમાત્મામાં સ્થિર થાય છે." વાંદરાએ ભોગ ભોગવવાની ઈચ્છા ન કરી હોત તો ?

(અધ્યાય ૨, શ્લોક ૪૨ થી ૪૫)

## વાર્તા - ૮

એક વખત બધાં પક્ષીઓ ભેગાં થયાં. તેઓને પોતાના રાજા ગરુડ સામે ફરિયાદ હતી. ગરુડ ભગવાન વિષ્ણુની સેવામાંથી નવરું પડતું ન હતું ! એટલે તેઓને બીજા રાજાની વરણી કરવી હતી.

સભા શરુ થઈ. પોપટ ઉભો થયો. તેણે કહ્યું, ''કાગડો ચતુર છે, આપણે તેને રાજા બનાવીએ. પણ કબુતરે વાંધો લીધો, ''તે એક આંખે કાણો છે, એક આંખે જોતો હોય તેનો ભરોસો કરાય નહીં. ''

બગલાએ કહ્યું, ''હું હંસને રાજા બનાવવાની દરખાસ્ત મૂકું છું.'' મોરે વાંધો લીધો, ''રાજા બહાદૂર હોવો જોઈએ, મેં હંસની બહાદુરીની એક પણ કથા સાંભળી નથી.''

કોયલે કહ્યું, ''ઘૂવડ ઠીક છે. તેને કર્કશ અવાજથી દુશ્મનની છાતી બેસી જશે.'' ચકલીએ પ્રતિસાદ કર્યો, ''એ તો આંધળું છે, આંધળાનું કટક કૂવામાં !''

આમ વાદ વિવાદ થયા, સભા કોઈ નિર્ણય ઉપર આવી શકી નહિ, લક્ષ્ય સિદ્ધ થયું નહિ.



ગીતા :- જાત જાતના વચનો સાંભળવાને લીધે, બુદ્ધિ વિચલિત થઈ જાય છે, અને લક્ષ્ય સિદ્ધ થતું નથી પરમાત્મા સાથે સંયોગ થતો નથી.''

(અધ્યાય ૨, શ્લોક ૫૩)

## વાર્તા – ૯

એક વેપારી હતો. એક ગામડામાં તેની હાટડી હતી. તેલ, પળી અને ત્રાજવું તેની જિંદગી હતી. તેને એક દીકરો હતો. તેનું નામ શ્યામ સુંદર હતું. શ્યામ સુંદરે એકવાર એક ચોપડી ખરીદી કરી. તેમાં લખ્યું હતું. "કર્તવ્ય બજાવો, નસીબમાં હોય તે મળશે !" પેલો વેપારી શ્યામ સુંદરે ચોપડી ખરીદી કરી એટલે ગુસ્સે થયો. તેણે કહ્યું "ચોપડાં ચૂંથવાથી શું વળે ? તું મને ગમતો નથી, ચાલ્યો જા !"

શ્યામસુંદર એક નગરમાં ગયો. ત્યાં નાનું મોટું કામ કરીને રહેવા લાગ્યો. એકવાર બજારમાં તે એક ઓટલે બેઠો હતો. ત્યારે ત્યાંથી એક સામૈયું નીકળ્યું. એવામાં એક ગાંડો હાથી આવી ચડ્યો. સામૈયામાં ભાગંભાગ થઈ પડી. વરરાજો નવવધૂને પડતી મૂકીને ભાગ્યો. શ્યામસુંદર નવવધૂની વહારે ધસ્યો. તેણે નવવધૂનો હાથ પકડી લીધો અને કહ્યું. "ગભરાશો નહિ !" હાથી જતો રહ્યો કે વરરાજો આવ્યો. તેણે જોયું કે એક અજાણ્યો યુવાન નવવધૂનો હાથ પકડીને ઉભો છે ! તે રોષે ભરાયો. તેણે નવવધૂને પૂછ્યું, "આ કોણ છે ?" નવવધૂએ બેધડક કહ્યું, "તે મારો સ્વામી છે. તેણે મારી જિંદગી બચાવી છે. આફતને વખતે જે



પોતાની પત્નિને મૂકીને નાસી છૂટે એવો પતિ મારે ન જોઈએ !" અને નવવધૂએ શ્યામ સુંદરને કહ્યું, "તમે મારા છો, હવેથી તમારા ઉપર મારો હક્ક છે."

શ્યામસુંદરને પેલી ચોપડીનું વાક્ય યાદ આવી ગયું "કર્તવ્ય બજાવો, નસીબમાં હોય તે મળશે !" તેણે કર્તવ્ય બજાવ્યું અને નસીબમાં હતું તે મળી ગયું.

ગીતા :- "કર્મ કરવું તારો અધિકાર છે, ફળની આશા રાખ્યા વગર કર્તવ્ય બુદ્ધિથી કામ કરવું, ફળ ઈશ્વરના હાથની વાત છે."

(અધ્યાય ૨, શ્લોક ૪૭)

## વાર્તા - ૧૦

એક વનરાઈમાં એક પક્ષી રહેતું હતું. તેની ચાંચમાંથી સોનાના મોતી ઝરતાં. એક દિવસ એક પારધીએ આ કૌતુક દીઠું અને તેણે પક્ષીને પકડી લીધું. તે પક્ષીને ઘરે લાવ્યો. તેને એક પિંજરામાં પૂરી દીધું. તેને હવે દરરોજ સોનાનાં મોતી મળવા લાગ્યાં પણ તેને ભય પણ લાગ્યો કે રાજાને ખબર પડશે તો તે પક્ષી લઈ જશે, અને પોતાના કોણ જાણે કેવા હાલ થશે ! એટલે તેણે પક્ષી રાજાને ભેટ આપવાનો નિર્ણય કર્યો. એક દિવસ તે દરબારમાં ગયો. રાજાને નમન કર્યાં અને પક્ષી ભેટ આપ્યું. તેણે કહ્યું, "મહારાજ, આ પક્ષી ચમત્કારી છે. તેની ચાંચમાંથી સોનાનાં મોતી ઝરે છે, એટલે હું આપને તે ભેટ ધરું છું." રાજા પ્રસન્ન થયો. તેણે પક્ષી લઈ લીધું.

બીજે દિવસે તો પેલું કૌતુક જોવા પક્ષી પાસે ગયો, પણ પક્ષીની ચાંચમાંથી એક પણ મોતી ઝર્યું નહિં. રાજા ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું, "પેલા પારધીએ મને બેવકૂફ બનાવ્યો છે, તેને પકડી લાવો અને ફાંસીએ લટકાવી દો !"

પણ જેવી રાજાએ આજ્ઞા કરી કે પક્ષી બોલ્યું –



"હે રાજા, તે પારધી ગરીબ હતો, તેને ધનનો ખપ હતો. તું તો એક વિશાળ સામ્રાજ્યનો સ્વામી છો, છતાં તને મોતીનો લોભ લાગ્યો !" આટલું કહીને પક્ષી ઊડી ગયું.

રાજાને પોતાની ભૂલ સમજાઈ. તેને થયું, "મારે આવો લોભ રાખવો જોઈએ નહિ, જો હું લોભી થઈશ તો પ્રજા પણ લોભી થશે !"

ગીતા :- "કદાચ હું સાવધાન થઈને ન વર્તું તો ભારે હાનિ થાય, કારણ કે લોકો બધી રીતે મારું અનુસરણ કરે છે."

"।। યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠસ તત્ તત્ એવેતસે જનઃ

સમત્ પ્રમાણં કુરુતે લોકસ તદ્ અનુવર્તતે ।।"

(અધ્યાય ૩, શ્લોક ૨૩)

## વાર્તા - ૧૧

એક પર્વતની તળેટીમાં કેટલાક વાંદરાઓ રહેતા હતા. એક વખત કડકડતી ઠંડી પડી, વાંદરાઓ ધ્રૂજવા લાગ્યા. એમણે જમીન ઉપર લાલા રુંછાં વાળાં ફળ દીઠાં. એમને લાગ્યું કે આગની ચિનગારીઓ છે, તાપણું કરવા તેને ફૂંક મારવા લાગ્યા.

એક પક્ષી ત્યાંથી નીકળ્યું. તેણે વાંદરાઓની ચેષ્ટા જોઈ. તે નીચે ઉતર્યું અને વાંદરાઓને કહ્યું, ''આ લાલ રુંછા છે, ચિનગારીઓ નથી. તમે ફોકટ મહેનત કરો છો.'' વાંદરાઓને તેની વાત ગમી નહિ. એમણે કહ્યું, ''અમે તને પૂછીએ છીએ ?'' અને જોરશોરથી ફૂંક મારવા લાગ્યા. પેલા પક્ષીથી રહેવાયું નહિ. તેણે કહ્યું, ''એમાંથી આગ પ્રગટશે નહિ. તમે હુંફાળી જગ્યાએ ચાલ્યા જાઓ !'' વાંદરા ગુસ્સે થઈ ગયા. તે બોલ્યા, ''તું દોઢ ડહાપણ કેમ કરે છે ? અમારામાં અક્કલ નથી, એમને ?'' પેલા પક્ષીએ કહ્યું, ''મારાં વેણ સાચાં પડે છે કે નહિ, તે જુઓ.''

વાંદરાઓ ફૂંક મારી મારીને થાકી ગયા. આગ પ્રગટી નહિ. પેલા પક્ષીનાં વેણ સાચાં પડતાં જોઈને ઉશ્કેરાઈ ગયા, એમણે પક્ષીને પકડ્યું અને મારી નાખ્યું.



ગીતા :- ''બધાં પ્રાણીઓ પ્રકૃતિને વશ થઈને વર્તે છે. જ્ઞાની પણ પ્રકૃતિને વશ થઈ જાય છે. જે પ્રકૃતિના ગુણોથી ઊંચે ઉઠે તે પરમાનંદ પામે છે.''

(અધ્યાય ૩, શ્લોક ૩૩

અધ્યાય ૧૪, શ્લોક ૨૦)

જ્ઞાન આપનારે જ્ઞાનની માઠી અસર થાય છે કે નહિ તે જોવું જોઈએ, અને જ્ઞાન લેનારે વિવેક બુદ્ધિ અનુસાર તે ગ્રહણ કરવું જોઈએ.

— કાકા કાલેલકર

## વાર્તા - ૧૨

એક કુવામાં એક દેડકો રહેતો હતો. તેને કૂવાના બીજા દેડકાઓ સાથે શત્રુતા હતી. આ દેડકો એમના ઉપર વેર લેવા તલ પાપડ હતો.

તે કૂવાને કાંઠે એક દર હતું. તેમાં એક નાગ રહેતો હતો. તેણે તે નાગની મદદ લેવા વિચાર્યું. તે નાગ પાસે ગયો અને આજીજી કરી, ‘‘મને મારા શત્રુઓથી બચાવો.‘‘ નાગ તેની સાથે ભેગો કૂવે ગયો. કૂવામાં એક બખોલ હતી, દેડકાએ નાગને કહ્યું, ‘‘તમે આ બખોલમાં રહો, તમને દેડકાઓનો આહાર મળી જશે.’’ નાગ ત્યાં રહેવા લાગ્યો. અને દેડકાઓનો આહાર કરવા લાગ્યો. પેલા દેડકાને બદલો લીધાનો આનંદ થયો પણ એમ કરતાં કૂવાના બધા દેડકા નાગ ખાઈ ગયો. હવે તેણે આ દેડકાને ધમકી આપી, ‘‘મને મારો આહાર આપ નહિ તો હું તારા કુટુંબને ખાઈ જઈશ.’’ અને ખરેખર નાગ તેના દીકરાને ખાઈ ગયો. દેડકો દુઃખી થઈ ગયો, તેને હવે પોતાની ભૂલ સમજાણી. તેણે દેડકીને કહ્યું, ‘‘હવે આપણે અહીંથી જતા રહીએ, નહિતો, આ આપણો પણ કોળિયો કરી જશે !’’ પણ તેઓ કૂવો છોડીને જાય તે પહેલાં નાગ દેડકીને ખાઈ ગયો, અને નાગે દેડકાને વળી ધમકી આપી કે બીજા દેડકા



લાવી આપ નહિતો હું તને ખાઈ જઈશ.’’ દેડકાએ કહ્યું, ‘‘મને કૂવા માંથી બહાર નીકળવાની રજા આપે તો લાવી આપું, નાગે સંમતિ આપી. દેડકો કૂવામાંથી નીકળ્યો અને કદી પાછો ન ફર્યો.

ગીતા :- ‘‘કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. યજ્ઞના ઉદ્દેશથી કરવામાં આવેલું કર્મ બંધન કર્તા નથી, સ્વાર્થ, અહંકાર અને આસક્તિથી કરવામાં આવેલું કર્મ બંધન કર્તા છે.’’

‘‘દેડકાને વૈરભાવથી કરેલું કર્મ ભોગવવું પડ્યું.’’

(અધ્યાય ૩ શ્લોક ૯)

## વાર્તા - ૧૩

એક જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. એકવાર ઊંટ જંગલમાં ભૂલું પડી ગયું. સિંહે ઊંટ કદી દીઠું ન હતું. તેણે પોતાના સેવક કાગડાને બોલાવ્યો અને પૂછ્યું, " તે પ્રાણી કયું છે ?'' કાગડાએ કહ્યું, "મહારાજ, તે ઊંટ છે. રણનું પ્રાણી છે.'' સિંહે પૂછ્યું "તો તે અહીં કેમ આવી ચડ્યું છે ?'' અને પછી કહ્યું, "તેને અહીં બોલાવી લાવ !'' કાગડો ઊંટને બોલાવી ગયો. સિંહે તેને પૂછ્યું. "તું અહીં કેમ આવ્યું છે ?'' ઊંટે કહ્યું, "મારો માલિક મને બહુ દુઃખ આપે છે, હું ભાગી છૂટ્યો છું, અને ભૂલથી અહીં આવી ચડ્યો છું.'' સિંહને તેના ઉપર દયા આવી, તેણે કહ્યું, "તું અહીં ખુશીથી રહે !'' ઊંટ જંગલમાં રહેવા લાગ્યું.

એક વખત હાથીનો શિકાર કરતી વખતે સિંહને દંતશૂળ લાગી ગયા. તે ઘવાઈ ગયો. શિકાર કરવાની હોંશ ન રહી, પણ ભૂખતો ભૂંડી છે ને ? તેણે શિયાળને બોલાવ્યું. તે તેની તહેનાતમાં રહેતું. તેણે તેને કહ્યું, "મારે માટે શિકાર ખોળી લાવ !'' શિયાળ ઉપડ્યું. જંગલ આખામાં ભટક્યું પણ શિકાર મળ્યો નહિ. તેને ઊંટ ધ્યાનમાં આવ્યું. તેણે સિંહને કહ્યું, "મહારાજ, શિકાર ક્યાંય નથી, આ એક ઊંટ છે.'' સિંહે કહ્યું, "તે મારો આશ્રિત છે, આશ્રિતને



મરાય નહિ !'' શિયાળે કહ્યું, "તમારી વાત સાચી છે પણ તે જાતે જ શિકાર બને તો ? સિંહે કહ્યું, "તો વાંધો નહિ.'' અને શિયાળ કાગડાને લઈને ઊંટ પાસે ગયું. તેણે ઊંટને કહ્યું, "મહારાજનું આપણા ઉપર ઘણું ઋણ છે તે ભૂખ્યા છે, આપણે આપણું બલિદાન આપી, ઋણ મુક્ત થવું જોઈએ !'' ઊંટના દિલમાં સિંહનું અહેસાન હતું. તે શિયાળની વાતમાં આવી ગયું. અને ત્રણે સિંહ પાસે ગયાં. ઊંટે સિંહને કહ્યું, "મહારાજ, તમારું મારા ઉપર ઘણું ઋણ છે, એ ઋણ ચૂકવવાનો આ રુડો અવસર છે, તમે મારું ભક્ષણ કરશો તો મને સ્વર્ગ મળશે.'' સિંહ આવી તકની રાહ જ જોતો હતો, તે ઊંટ ઉપર ત્રાટક્યો, અને પછી ત્રણેયે મિજબાની માણી.

ગીતા :- "બીજાનું હિત સાધતાં સાધતાં આપણું હિત સાધીએ તેમાં કલ્યાણ છે, પણ પોતાના પોષણ માટે જે પાપ આચરીને ખાય છે તે પાપ જ ખાય છે.''

(અધ્યાય શ્લોક ૧૧,૧૩)

## વાર્તા - ૧૪

એક શિયાળ એકવાર એક ગામમાં જઇ ચડ્યું. કૂતરાઓ તેને દેખી ગયા અને ''હાઉ...હાઉ'' કરતા તેની પાછળ પડ્યા. શિયાળ જીવ બચાવવા ભાગી છૂટ્યું. અને એક કાદવ ભરેલા ખાડામાં જઇ પડ્યું. કૂતરાઓ ભાગી ગયા પછી તે ખાડામાંથી બહાર નીકળ્યું. પણ તે આખું કાદવથી ખરડાઇ ગયું હતું, તેને દેખાવ વિચિત્ર થઇ ગયો હતો. તે જંગલ ભણી રવાના થયું. જંગલના પ્રાણીઓએ આવું વિચિત્ર પ્રાણી કદી જોયું ન હતું. તે તેને જોઇને નાસી છૂટ્યાં. શિયાળ ચતુર હતું. તેણે પ્રાણીઓને કહ્યું. ''આ જંગલનો કોઇ રાજા નથી. મને ભગવાને રાજા તરીકે મોકલ્યો છે તમે ગભરાશો નહિ, હું બધાની રક્ષા કરીશ અને ન્યાયથી શાસન ચલાવીશ.'' જંગલના પ્રાણીઓએ તેને રાજા તરીકે સ્વીકારી લીધું, અને તેની સેવા ચાકરી કરવા લાગ્યા. શિયાળ સુખચેનથી રાજ કરવા લાગ્યું.

એક વખત જંગલનાં બધાં શિયાળ ભેગાં થયાં અને લારી કરવા માંડ્યા. આપણા રાજાએ તેમની લારી સાંભળી, તે પોતાના સ્વભાવને રોકી શક્યું નહી અને જોરશોરથી લારી કરવા માંડ્યું. જંગલના પ્રાણીઓએ તેની લારી સાંભળી, અને સમજી ગયાં કે આ



કોઇ રાજા નથી, આ તો શિયાળ છે, અને બધાંએ ભેગાં મળીને તેને મારી નાંખ્યું.

ગીતા :- ''બધા જીવો પોતાના સ્વભાવને વશ થઇને વર્તે છે, જ્ઞાની પણ પોતાના સ્વભાવ અનુસાર જ ચેષ્ટા કરે છે, જે પ્રકૃતિને વશ થઇ જાય છે તેનો હ્રાસ થાય છે.''

(અધ્યાય ૩ શ્લોક ૨૭,૩૩,૩૪)

## વાર્તા - ૧૫

જંગલમાં એક તળાવ હતું. તેમાં એક બગલો રહેતો હતો. તે વૃદ્ધ થઈ ગયો હતો, એટલે તે માછલીઓ પકડી શકતો ન હતો.

એકવાર તે તળાવને કાંઠે ચિંતામાં બેઠો હતો. તેને જોઈને એક માછલીએ કહ્યું, “કેમ ચિંતામાં છો ?” બગલાએ કહ્યું, “એક જોષીએ આગાહી કરી છે કે આવતા બાર વર્ષ સુધી આ ભૂમિમાં વરસાદ નહિ પડે !” મને થાય છે કે આ તળાવ સૂકાઈ જશે તો તમારું શું થશે ?” તે વાત કરતો હતો ત્યારે બીજી માછલીઓ ભેગી થઈ ગઈ હતી, તે આ વાત સાંભળીને કંપી ઉઠી. તેણે બગલાને પૂછ્યું, “તો અમારે શું કરવું ?” બગલાએ કહ્યું, “આઘેરું પાણીથી છલોછલ સરોવર છે, ત્યાં ચાલ્યા જાઓ !” માછલીઓએ કહ્યું, “પણ અમે શી રીતે જઈ શકીએ ?” બગલાએ કહ્યું, “એમાં શું ? હું તમને ત્યાં પહોંચાડી દઈશ.” માછલીઓ બગલાની વાતમાં આવી ગઈ. બગલો એક પછી એક માછલીને લઈ જવા લાગ્યો. અને એમને રસ્તામાં પટકીને ખાઈ જવા લાગ્યો.

છેવટે તળાવમાં એક કાચબો બાકી રહ્યો. કાચબાને પણ દુકાળનો ભય લાગ્યો. તેણે બગલાને કહ્યું, “તમે મને ન લઈ જઈ



શકો ?” બગલાને થયું, “એક નવી વાનગી ખાવા મળશે !” એટલે તેણે કહ્યું, “હું ચોક્કસ તને લઈ જઈશ.” તેણે બગલાને પીઠ ઉપર બેસાડ્યો અને ઉડવા માંડ્યો. રસ્તામાં કાચબાએ પૂછ્યું, “સરોવર કેટલું છેટું છે ?” બગલો હસ્યો. તેણે કહ્યું, “મોત કેટલું છેટું છે, એમ પૂછ ! તારી વલે પણ માછલીઓ જેવી જ થશે !” કાચબો તેના બોલવાનો મર્મ પામી ગયો. તેણે બગલાની ડોક મોઢામાં લીધી અને મરડી નાંખી.

ગીતા :- “દેવતાઓ બધાને ઈચ્છિત ભોગ આપે છે, પણ તે એક બીજાને ઉન્નત કરવા ભોગવીએ તો કલ્યાણ થાય, પણ પોતાને માટે જ ભોગવીએ અને વળી તે માટે કપટ કરીએ તો નિઃશંક દુઃખરૂપ થાય.”

(અધ્યાય , શ્લોક ૧૧,૧૨,૨૨)

## વાર્તા - ૧૬

એક ઝાડની બખોલમાં એક પક્ષી રહેતું હતું. એક વખત તે ચણ વીણવા નીકળી ગયું અને પાછું આવ્યું નહિ. બખોલ ખાલી પડી. તે બખોલમાં એક સસલું રહેવા માંડ્યું. થોડા દિવસ પછી પેલું પક્ષી આવ્યું. તેણે સસલાને બખોલ ખાલી કરવા વિનંતી કરી. સસલાએ બખોલ ખાલી ન કરી, બંન્ને વચ્ચે ઝગડો થયો. છેવટે તેઓએ આ સમસ્યા ઉકેલવા કોઇ ધાર્મિક જીવની મદદ લેવા નક્કી કર્યું.

એક બિલાડી તેઓની વાત સાંભળી ગઇ. અને તેનું દિમાગ સક્રિય થઇ ગયું. તે ભગવાન સૂર્યનારાયણને અર્ધ્યા આપવા લાગી અને બોલી, ‘‘આ સંસાર અસાર છે, અહીં કોઇ કોઇનું નથી, એકલો ભગવાન તમારો છે, માટે ભગવાનને ભજી લો !’’

બિલાડીનાં આ વેણ પેલા બેયના કાને પડ્યાં. તેઓને લાગ્યું કે ‘‘બિલાડી ધર્મભીરુ છે, તે જે કરશે તે સાચું કરશે.’’ અને બંન્ને બિલાડી પાસે ગયાં.

બિલાડી અર્ધ્ય છોડીને બેઠી, પેલા બંન્ને પોતાની ફરિયાદ રજૂ કરવા માંડ્યાં. બિલાડીએ કહ્યું, ‘‘હું વૃદ્ધ થઇ ગઇ છું, મને



બહુ સંભળાતું નથી, તમે ઓરા આવો અને મારા કાનમાં તમારી વાત કરો.’’

જેવા બેય બિલાડી પાસે ગયાં કે બિલાડીએ તરાપ મારી અને પોતાનો સ્વાર્થ સાધી લીધો. બેટને ખાઇ ગઇ !

ગીતા :- યજ્ઞ નિમિત્તે કરવામાં આવતા કર્મો સિવાય, બીજા કોઇ નિમિત્તે કર્મો કરીને લોકો કર્મોથી બંધાય છે. જે માણસ પોતાના કર્મનો પરમાત્માને અર્પીને કરે છે, આસક્તિ છોડીને કરે છે તે પાપથી લેપાતો નથી.

બિલાડીએ કર્મફળ ભોગવવું જ રહ્યું.

(અધ્યાય ૩ શ્લોક ૯ અધ્યાય ૫ શ્લોક ૧૦)

## વાર્તા - ૧૭

દંતિલ નામનો એખ ધનાઢ્ય વેપારી હતો. એક વખત તેણે એક ઝાડુ વાળાનું અપમાન કર્યું. ઝાડુવાળાએ વેર વાળવા નક્કી કર્યું. આ વેપારી રાડાનો માનીતો હતો. તેને રાણીવાસમાં જવાની પણ છૂટ હતી. એક વખત ઝાડુવાળો દરબારમાં વાળવા ગયો, અને રાજા સાંભળે તેમ બોલ્યો, ‘‘દંતિલને રાણી સાથે મીઠા મધ સંબંધો છે’’ રાજાને વહેમ ગયો અને તેણે દંતિલને રાજદરબારમાંથી કાઢી મૂક્યો. દંતિલ વિચારમાં પડી ગયો કે મારો કોઈ વાંક ગુન્હો નહીં છતાં આમ કેમ થયું ! તેણે ખૂબ વિચાર્યું, છેવટે તેને ઝાડુ વાળાનું ષડયંત્ર લાગ્યું. તે હોંશિયાર માણસ હતો. તેણે કળથી કામ લીધું. તેણે ઝાડુવાળાને બોલાવ્યો અને પોતાના વર્તનની માફી માંગી. ઝાડુવાળાનો રોષ ઉતરી ગયો. તે દરબારમાં ઝાડુવાળવા ગયો. અને રાજા સાંભળે તેમ બોલ્યો, ‘‘દંતિલ સારો માણસ છે, રાજાને ખોટી શંકા છે, દંતિલ તો રાણીને બહેન માને છે.’’ રાજાએ આ શબ્દો સાંભળ્યા. તેણે ઝાડુવાળાને બોલાવ્યો અને પૂછ્યું, ‘‘તું અગાઉ જુદું બોલ્યો હતો, આજે જુદું બોલ્યો, સાચી વાત કર, નહિ તો જાહેરમાં કોરડા વિંઝીશ !’’ ઝાડુવાળાએ સઘળી વાત કરી, અગાઉ દંતિલને સજા કરાવવા જુદું બોલ્યો હતો, માફી માંગી એટલે વળી જુદું



બોલ્યો !’’ રાજાએ તેને ઠપકો આપને જતો કર્યો, અને દંતિલને માન સન્માન સાથે રાજદરબારમાં ફરી બેઠક આપી.

ગીતા :- ‘‘સંશય ગ્રસ્ત માણસ માટે ના આ લોક છે, ના પરલોક છે, ના સુખ છે. અજ્ઞાન નો નાશ કરી, સંશય દૂર કરવો, નહિતો નાશ નિશ્ચિત છે.’’

(અધ્યાય ૪, શ્લોક ૪૦,૪૧,૪૨)

## વાર્તા - ૧૮

એક ધનવાન વેપારી હતો. તેને બે જમાઇઓ હતા. એક વખત બન્ને મહેમાન ગતિ માણવા પધાર્યા. વેપારી અને તેની પત્નિ બહુ રાજી થયાં. એમણે તેમનો ભાવભીનો આદર સત્કાર કર્યો. મહી અને મહેમાન કેટલા દિ ? પણ આ જમાઇઓએતો ધામા નાંખ્યા. છ મહીના વીતી ગયા, પણ બેય જવાનું નામ લેતા ન હતા.

એક દિવસ અકળાઇને વેપારીએ પત્નિને કહ્યું, "આપણે આમને માનપાન આપીએ છીએ, અને અચ્છો વાના કરીએ છીએ, એટલે જવાનું નામ લેતા નથી !" પત્નિ ચતુર હતી. તે કહેવાનો મર્મ પામી ગઇ. બીજે દિવસે જમાઇઓને નહાવા માટે પાણી કાઢી આપ્યું નહિ, જમવામાં ટાઢું બાઢું દીધું, રાત્રે પાગરણ પથારી કર્યા નહિ, એક જમાઇ શાણો હતો. તેણે બીજા દિવસે રજા લીધી, પણ બીજાએ જવાનું નામ ન લીધું, છેવટે પેલા પતિ પત્નિએ તેને પરાણે હાંકી કાઢ્યો. વેપારીને માંડ નિરાત થઇ.

ગીતા :- પ્રત્યેક ઇંદ્રિયમાં રાગ અને દ્વેષ રહેલાં છે, તે સુખરુપ લાગે પણ તે દુઃખના જ હેતુ હોય છે, તેને વશ થવું જોઇએ નહિ, તે કલ્યાણ માર્ગમાં વિઘ્નરુપ છે. ડાહ્યા પુરુષે ઇન્દ્રિયભોગમાં આસક્ત રહેવું જોઇએ નહિ.

પેલા જમાઇઓ ઇંદ્રિયભોગમાં આસક્ત રહ્યા ન હોત તો ?

(અધ્યાય ૫, શ્લોક ૨૨)



## વાર્તા - ૧૯

એક પારધી હતો. એખ વખત તે શિકાર કરવા ગયો. એક કબૂતરીને પકડીને ચાલતો થયો, પણ અચાનક વાદળો ઉમટી આવ્યા. અને વરસાદ તૂટી પડ્યો. પારધીએ એક ઝાડ હેઠળ આશરો લીધો. તે ઝાડ ઉપર એક કબૂતર રહેતું હતું. કબૂતરીનો પતિ હતો. કબૂતરીએ તેને પ્રાર્થના કરી, ""હે નાથ, હું મારા કર્મોનું ભોગલું છું. એમાં આ પારધીનો વાંક નથી. તમે આશરા ધર્મ સમજીને તેને સહાય કરો. તે ડાઢથી ઠૂંઠવાઇ ગયો છે." કબૂતરે તાપણું કરવાનું વિચાર્યું. સદ્‌ભાગ્યે વરસાદ બંધ પડ્યો તેણે અર્ધા કોરાં અને અર્ધા પલળી ગયેલાં કરગઠિયાં ભેગાં કર્યા, તેણે અગ્નિ પેટાવ્યો. અગ્નિમાંડ માંડ પ્રગટ્યો પણ કબૂતર સફળ તો થયો જ. પારધી તાપ્યો, તેના જીવમાં જાણે જીવ આવ્યો. કબૂતરે પૂછ્યું, "હવે કંઇ દુઃખ છે ?" પારધીએ કહ્યું, "મને ભૂખ લાગી છે."

કબૂતર પાસે ખાવનું કશું હતું નહિ. તેને થયું, "પારધી ભૂખ્યો રહેશે તો મારો આશરા ધર્મ લાજશે !" અને તેણે પોતાની જાતને આગમાં હોમી દીધી, પારધીની ભૂખ ભાંગે ! કબૂતરી આ જોઇ શકી નહિ, "હે નાથ, હું આવું છું. એમ બોલીને તે આગમાં કૂદી પડી !" પારધીને થયું, "અરે રે ! મારે માટે આ બંન્ને પોતાના જીવનની આહુતિ આપી દીધી ?" અને તેણે પણ પોતાની જાતને અગ્નિમાં હોમી દીધી.

ગીતા :- "જે સઘળાં ભૂતોમાં પોતા પણું જુએ, સૌના સુખદુઃખ પોતાનાં સમજે તે ઉત્તમ પુરુષ છે."

(અધ્યાય ૬ શ્લોક૩૨,

અધ્યાય ૨ શ્લોક ૫૫,૫૬)

## વાર્તા - ૨૦

ચાર બ્રાહ્મણો હતા. તેઓએ વર્ષો સુધી એક ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કર્યો. અને વિદ્વાનો બની ગયા. પછી તેઓ પોતાને ગામ જવા નીકળ્યા. ચાલતા ચાલતા ગામના એક પાધરમાં પહોંચ્યા. પણ ત્યાં માર્ગ ના બે ફાંટા પડતા હતા. વિદ્વાનો મૂંઝાઇ ગયા. હવે શું કરવું ! ત્યાં એક બ્રાહ્મણે પોતાનો ગ્રંથ ખોલ્યો, તેમાં લખ્યું હતું "જ્યાં બહુજન વિચરે ત્યાં આપણે વિચરવું." જોગાનુજોગ ગામ માંથી સ્મશાન યાત્રા નીકળી. આ ચારેય તે બહુજનની પાછળ ચાલ્યા. તેમાં સ્મશાનમાં પહોંચ્યા. સ્મશાનમાં એક ગધેડો ઉભો હતો. બીજા બ્રાહ્મણે તરત જ પોતાનો ગ્રંથ ખોલ્યો, તેમાં લખ્યું હતું. "સુખદુ:ખમાં આવીને ઉભો રહે તે સાચો મિત્ર." અને ચારેય બ્રાહ્મણો ગધેડાને મિત્ર જાણી તેને ભેટી પડ્યા. ત્યાં એક ઊંટ ચાલતું નીકળ્યું ! ચારેય બ્રાહ્મણોને કૌતુક થયું. અને ત્રીજા બ્રાહ્મણે ગ્રંથ ખોલ્યો, તેમાં લખ્યું હતું, "સાધુ તો ચલતા ભલા !" અને એમને લાગ્યું કે આ કોઇ મહાન સાધુ મહાત્મા છે. ઊંટ ચાલતું થયું કે ચોથા બ્રાહ્મણે પોતાનો ગ્રંથ ખોલ્યો, તેમાં લખ્યું હતું, "સાધુ પુરુષોનો સંગ કલ્યાણકારી છે." અને ચારેયે પોતાના મિત્ર ગધેડાનું કલ્યાણ કરવા તેને ઊંટ સાથે બાંધી દીધો ! ગધેડાનું મોત જ થાય ને ?



કોઇએ ગધેડાના માલિકને જઇને સમાચાર આપ્યા કે આ મૂર્ખાઓએ ગધેડાની શી વલે કરી છે ? અને ગધેડાનો માલિક દંડો લઇને દોડ્યો. તેને આવતો જોઇને ચારેય વિદ્વાનો ભાગી છૂટ્યા.

ગીતા :- "એક જન્મની સાધના બીજા જન્મમાં બક્ષિસ તરીકે મળે છે, અંતે માણસ સંસિદ્ધિ પામી કર્મફળને ઓળંગી જાય છે."

(અધ્યાય ૬ શ્લોક ૪૩-૪૫)

પેલા ચારેય બ્રાહ્મણોની ગતભવની કમાણી હશે કે ભણ્યા પણ એમાં કંઇક ખામી હશે કે ભણ્યા પણ ગણ્યા નહિ.

## વાર્તા - ૨૧

એક પક્ષી હતું. તેને બે મોઢાં હતાં. પણ પેટ એક હતું. એક વખત તેનું પહેલું મોઢું ફળ ખાતું હતું. ફળ ખાતાં ખાતાં તેનાં વખાણ કરતું હતું. વખાણ સાંભળીને બીજા મોઢાને તે ફળ ખાવાનું મન થઈ ગયું. તેણે પહેલા મોઢાને કહ્યું, "મને પણ ચાખવા દે ને !" પહેલા મોંઢાએ કહ્યું, "હું ખાઉં છું, પછી તારે ખાવાની શી જરૂર છે ? પેટ તો એક જ છે ને ?" બીજું મોંઢું કશું બોલી શક્યું નહિ.

બીજે દિવસે બીજુ મોંઢું એક ફળ ખાવા લાલાયિત થયું. તે ફળ ઝેરી હતું. તેને તેની ખબર ન હતી. જેવું તે ફળને બટકું ભરવા ગયું કે પહેલા મોઢાએ કહ્યું, "તે ખાઈશ નહિ, તે ઝેરી છે." બીજા મોંઢાએ કહ્યું, "તું અદેખાઈથી આમ બોલે છે, હું તો ખાઈશ." તે ઝેરી ફળ ખાઈ ગયું. પેટ તો એક જ હતું એટલે તે પક્ષી મરી ગયું.

બીજા મોંઢાએ મનને વશમાં રાખ્યું હોત તો ?

ગીતા :- "મન ઘણું ચંચળ છે તે બળવાન હોય છે. તેને વશમાં રાખવું દુષ્કર છે, જે તેને વશ કરી શકતો નથી તેનું પતન નિશ્ચિત છે. પરમાત્માનું સાન્નિધ્ય પામવા મનને વશમાં રાખવું."

(અધ્યાય ૬, શ્લોક ૩૪,૩૫,૩૬)



## વાર્તા - ૨૨

એક નગરમાં એક ચોર રહેતો હતો. તે નગરમાં ચાર બ્રાહ્મણો પોતાની ચીજ વસ્તુઓ વેચવા ગયા. પેલો ચોર એમને દેખી ગયો. તેણે બ્રાહ્મણોની ચીજ વસ્તુઓ ચોરી લેવા નક્કી કર્યું. તે માટે તે એમની પાસે ગયો, અને મીઠી મીઠી વાતો કરી તેણે તેમની સેવા ચાકરી કરવાની તત્પરતા બતાવી. બ્રાહ્મણોને સેવકની જરૂર હતી. એમણે તેને સેવક તરીકે રોકી લીધો.

બ્રાહ્મણોની ચીજવસ્તુઓ વેચાઈ ગઈ. તેમને સારું ધન મળ્યું. ચોરને ચીજવસ્તુઓ ચોરી લેવાનો મોકો ન મળ્યો. બ્રાહ્મણો ધન લઈને પોતાને ગામ જવા નીકળ્યા. ચોરે હવે ધન ચોરી લેવા નિર્ણય કર્યો. તેણે બ્રાહ્મણોને કહ્યું, "હે બ્રહ્મ દેવતાઓ મને તમારી સાથે આત્મીયતા બંધાઈ ગઈ છે, તમારા જતા રહેવાથી મને બિલકુલ ગમશે નહિ, તમે મને સાથે ન લઈ ચાલો ?" બ્રાહ્મણોએ તેને સાથે લીધો. રસ્તામાં ચોર મોકો ગોતતો હતો. બ્રાહ્મણો ભીલ લોકોના એક ગામમાંથી પસાર થયા. ભીલ તેમને દેખી ગયા અને તેમને લૂંટી લેવા તીર કામઠાં લઈને એમને ફરી વળ્યા. એમણે ચારેય બ્રાહ્મણોને અને પેલા ચોરને ખૂબ માર્યા, અને કહ્યું, "તમારી પાસે જે હોય તે આપી દો." બ્રાહ્મણોનો ધન

સોંપી દેવાનો જીવ ન ચાલ્યો. અને તેથી ભીલ લોકોએ ચારેયને મારી નાખ્યા. અને સાક્ષી જીવતો ન રહે માટે ચોરને પણ મારી નાખ્યો. પછી પલાયન થઈ ગયા.

ચોર ધન ચોરવાની લાલચે બ્રાહ્મણો સાથે ગયો ન હોત તો તે કમોતે મરત નહિ, પણ પોતે જ પોતાનો શત્રુ બન્યો.

ગીતા :- "માણસ પોતે જ પોતાનો મિત્ર છે, અને પોતે જ પોતાનો શત્રુ છે. તે પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે કે પોતાની અધોગતિ નોતરી શકે."

(અધ્યાય ૬ શ્લોક ૫,૬)



## વાર્તા - ૨૩

એક જંગલ હતું. જંગલમાં એક ચકલો અને ચકલી રહેતાં હતાં. એમણે એક ઝાડ ઉપર માળો બાંધ્યો હતો. ચકલીએ તેમાં ઈંડા મૂક્યાં હતાં. એક દિવસ એક હાથી તે ઝાડ હેઠળ જઈ ચડ્યો. તેને ભૂખ લાગી હતી. તેણે સૂંઢ લાંબી કરીને ઝાડની ડાળી તોડી નાંખી. તે ડાળીમાં જ માળો હતો. એમાં ઈંડાં હતાં. ડાળ તૂટી કે માળો હેઠો પડ્યો અને ઈંડાં ફૂટી ગયાં.

ઈંડા ફૂટી ગયાં જોઈને ચકલી કલ્પાંત કરવા લાગી. તે વખતે તેમનો દોસ્ત લક્કડખોદ આવ્યો. તેણે ચકલીને આશ્વાસન આપ્યું, "દૂધ ઢોળાઈ ગયા પછી રોવાનો શો અર્થ છે ? મરી ગયેલું કદી પાછું આવ્યું છે ?"

અને ચકલીને તેથી તો હાથી ઉપર ક્રોધ ચઢ્યો તેણે કહ્યું, "હું આનો બદલો લઈશ." અને વેરની આગમાં ને આગમાં તે મૃત્યુ પામી.

તે ચકલી એ જ જંગલમાં સિંહણ તરીકે અવતરી. તે એક વખત જંગલમાંથી પસાર થઈ રહી હતી. તેણે પેલા હાથીને પોતાના મદનિયાંઓ સાથે ખેલતો જોયો. તેની પરભવની સ્મૃતિ સળવળી

વેરની આગ ભભૂકી ઉઠી અને તે હુડુડુડુ કરતી પેલા મદનિયાંઓ પર ત્રાટકી અને તેને ફાટી ખાધાં.

ગીતા :- "માણસ અંતકાળે જે ભાવનું સ્મરણ કરતો દેહ છોડે છે, તે ભાવને તે પામે છે. ઈશ્વરનું સ્મરણ કરતો દેહ છોડે તો તે ઈશ્વરના સ્વરૂપને પામે છે."

(અધ્યાય ૮ શ્લોક ૬-૧૦)



## વાર્તા - ૨૪

એક ગામમાં એક કૂતરો રહેતો હતો. તે જિંદગીનો નવો અનુભવ લેવા પડોશનાં ગામમાં રહેવા ગયો. ગામ સુખી હતું. તેને ત્યાં ધરાઈને ખાવા મળતું. તેને ત્યાં ગોઠી ગયું પણ જાત ભાઈઓ દ્વેષ કરવા માંડ્યા. તે હાઉ...હાઉ કરતા તેની પાછળ પડતા, કેટલાક તો બટકાં ભરી લેતા. તે બિચારો જાત ભાઈઓથી કંટાળી ગયો અને પોતાને ગામ પાછો ફર્યો.

તેને પાછો આવેલો જોઈને બધા કૂતરા ભેગા થયા અને તેને પૂછવા લાગ્યા, "ગામ કેવું હતું ? લોકો કેવા હતા ? તને ગમતું હતું કે નહિ ?" કૂતરાએ કહ્યું, "બધુંય સારું હતું પણ આપણા ભાઈઓ નકામા હતા. તે મારો દ્વેષ કરતા કેટલાક તો તોછડા હતા. મને બહુ હેરાન કર્યો, એટલે તો હું પાછો આવતો રહ્યો."

ગીતા :- "જે કદિ દ્વેષ કરતો નથી, જે અહંકારી નથી, જે મિત્ર અને શત્રુ પ્રત્યે સમ છે, જેને કોઈ આસક્તિ નથી તે ભક્ત મને પ્રિય છે."

(અધ્યાય ૧૨ શ્લોક ૧૩,૧૪,૧૭,૧૮)

## વાર્તા - ૨૫

એક વનભૂમિમાં એક શિકારી રહેતો હતો. તે એક વખત શિકારે ગયો. તેણે એક સુવર જોયું અને તીર છોડ્યું. સુવર ઘવાઈ ગયું પણ તેણે શિકારી ઉપર વળતો હુમલો કર્યો. શિકારી પણ ઘવાઈ ગયો. છેવટે બંન્ને મૃત્યુ પામ્યાં.

એ વખતે એક શિયાળ ત્યાંથી નીકળ્યું. તેણે આ બેય મૃતદેહો જોયા. તેને જાણે તોફો મળી ગયો. તે રાજીના રેડ થઈ ગયું. તે મૃતદેહો પાસે ગયું. મૃતદેહો પાસે શિકારીનું કામઠું પડ્યું હતું. તે કામઠામાં તીર ભરાવેલું હતું તે કામઠાની પણછ ચામડાની હતી. શિયાળને થયું, "પહેલાં પણછ ખાઈ લઉં ! તે શા માટે છોડી દેવી ?" તે પણછને બટકું ભરીને ખાવા ગયું કે તીર છૂટ્યું, તે શિયાળની આરપાર નીકળી ગયું અને શિયાળ તરફડીને મૃત્યુ પામ્યું.

શિયાળને પણછ ખાવાની એષણા ન થઈ હોત તો ?

ગીતા :- "રાગ, દ્વેષ, એષણા, અહંકાર વગેરે વિકારો પ્રકૃતિથી ઉદ્‌ભવે છે, તે જીવાત્માને બાંધે છે. આ વિકારોથી જે મુક્ત થાય તે પરમાત્માને પામે છે."

(અધ્યાય ૧૩, શ્લોક ૧૩,૧૮,૩૪)



## વાર્તા - ૨૬

એક ધોબી હતો. તે ગરીબ હતો. તેની પાસે એક ગધેડો હતો. ગધેડો આખો દિવસ વૈતરું કરતો, પણ ધોબી તેને પેટ પૂરતું ખાવાનું આપી શકતો નહિ, ગધેડો દિવસે દિવસે દુબળો થતો ગયો.

એક વખત ધોબીએ વગડામાં એક મરેલો વાઘ જોયો. તેના મનમાં એક ઝબકારો થયો. તેણે વાઘની છાલ ઉતારી લીધી. અને ઘરે લાવ્યો. તેણે તે ખાલ ગધેડાને પહેરાવી દીધી. અને ખેતરમાં ચરવા હાંકી કાઢ્યો. લોકો તેને વાઘ માનીને તેની પાસે ઢૂંકતા નહિ. ગધેડાને લીલા લહેર થઈ ગઈ, થોડા દિમાં તો તે તાડો માડો થઈ ગયો !

એક દિવસ તે એક ખેતરમાં ચરતો હતો. ત્યાં એક ગધેડી આવી ચડી અને ભૂંકવા લાગી. ગધેડો તેનો અવાજ સાંભળીને વિચલિત થઈ ગયો, અને હોંચી હોંચી કરી ભૂંકવા લાગ્યો.

ગામ લોકોએ તેનો અવાજ સાંભળ્યો અને ખેતર ભણી દોડ્યા. તેને ભૂંકતો સાંભળીને ખાત્રી થઈ ગઈ કે આ વાઘ નથી, ગધેડો છે ! અને બધાએ ભેગા થઈને તેને ટીપી નાંખ્યો.

બિચારો ગધેડો પ્રકૃતિથી પર થઈ શક્યો નહિ.

ગીતા :- "વિકારો ઉત્પન્ન થવાનું કારણ પ્રકૃતિ છે. તેનાથી નિષ્પન્ન થતાં સુખ દુ:ખ ભોગવવાં પડે છે. જે પ્રકૃતિને પાર ગયો તેને જન્મ, મૃત્યુ, જરા કે સુખ દુ:ખનું બંધન રહેતું નથી."

(અધ્યાય ૧૩ શ્લોક ૨૦)

## વાર્તા - ૨૭

વડનું એક ઘેઘૂર ઝાડ હતું. એક પારધી તે ઝાડ હેઠળ આવ્યો અને જાળ બિછાવી, પક્ષીઓની રાહ જોવા લાગ્યો.

થોડીવારે કેટલાંક કબૂતરો આવ્યાં અને જાળમાં ફસાઇ ગયાં. પારધી તેમને પકડવા દોડ્યો. કબૂતરોના હોશ કોશ ઉડી ગયા પણ એક વયોવૃદ્ધ કબૂતરે કહ્યુ, "હિંમત રાખો અને હું કહું તેમ કરો." તેણે કબૂતરોને જાળ સમેત ઉટી નીકળવા કહ્યુ. કબૂતરો જાળ સમેત ઉડ્યાં. તેઓ ઉડતાં ઉડતાં એક ગામમાં પહોંચ્યાં. તે ગામમાં પેલા વયોવૃદ્ધ કબૂતરનો એક મિત્ર ઉંદર રહેતો હતો. વૃદ્ધ કબૂતરે કહ્યું, "તે ઉંદર પાસે ચાલો." બધા કબૂતરો જાળ સમેત ઉંદર પાસે ગયાં. વયોવૃદ્ધ કબૂતરે "બધા કબૂતરોને જાળમાંથી છોડવાવા ઉંદરને વિનંતી કરી. ઉંદરે કહ્યું, "હું આપને એકને છોડાવી શકીશ." વયોવૃદ્ધ કબૂતરે કહ્યું, "છુટીએ તો બધાં છુટીએ, મારે એકને છુટવું નથી." છેવટે ઉંદર બધાંને છોડાવવા સંમત થયો. તેણે પોતાના તીક્ષ્ણ દાંતથી જાળ કાપી નાંખી અને બધાંનો છુટકારો થયો અને બધાંના હૈયાં પુલકિત થઇ ઉઠ્યાં.

ગીતા :- "પ્રકૃતિએ સત્ત્વ, રજસ અને તમસ ગુણોની જાળ બિછાવેલી છે. કોઇ એવો જીવ નથી કે આ જાળથી મુક્ત હોય. જેઓ આ જાળથી છુટે છે તેઓ પરમ આનંદને પામે છે."

(અધ્યાય ૧૪, શ્લોક ૫,૨૦,૩૪,૪૦)



## વાર્તા - ૨૮

એક ઋષિ હતા. તે સ્નાન કરવા જઇ રહ્યા હતા. તેણે એક બાજને ઊંદરડીને પકડી જતો જોયો. ઋષિને ઉંદરડીની દયા આવી. તેણે તેને બાજના પંજામાંથી છોડાવી.

આ પછી ઋષિ તેને આશ્રમમાં લઇ ગયા. ત્યાં તેણે પોતાના મંત્ર બળથી તેને સુંદર કન્યા બનાવી દીધી. કન્યા મોટી થઇ. સંસાર ધર્મ બજાવવા ઋષિએ તેને માટે મુરતિયાની શોધ આદરી. તેને થયું કે સૂર્ય જેવો મૂરતિયો કોઇ નહિ ! તેણે મંત્ર બળે સૂર્યને બોલાવ્યો. કન્યાને પૂછ્યું, "તને આ પસંદ છે ને ? કન્યાએ કહ્યું, "ના હું તેનો તાપ સહન કરી શકું નહિ." ઋષિ મુંઝાયા. એટલે સૂર્યે કહ્યું, "મારા કરતાં વાદળ શક્તિશાળી છે, તેને પૂછો." ઋષિએ વાદળનું આહ્‌વાન કહ્યું, પણ કન્યાએ કહ્યું, "તે તો રખડુ છે, તેનો કોઇ ભરોસો નહિ." વાદળે કહ્યું, "એમ કરો, પર્વતને બોલાવો. તે મારા કરતાં શક્તિશાળી છે." ઋષિએ પર્વતને બોલાવ્યો પણ કન્યાએ કહ્યું, "હું તો તેના ભાર નીચે કચડાઇ મરું !" ઋષિ વિચારમાં પડી ગયા કે હવે શું કરવું ! એટલે પર્વતે કહ્યું, "ઋષિ રાજ, મૂષકને બોલાવો, તે એવો શક્તિશાળી છે કે મારા પેટાળમાં

દર કરી શકે છે !'' ઋષિએ મૂષકને બોલાવ્યો. કન્યાને પૂછ્યું, ''આ મૂરતિયો તને પસંદ છે ને ?'' કન્યા ગાલ ઉપર શરમને શેરડા પડ્યા. તેણે કહ્યું, ''હા'' અને ઋષિએ કન્યાને ફરી પાછી ઉંદરડી બનાવી દીધી. અને પછી બંન્નેનાં લગ્ન કરી દીધાં !

ગીતા :- ''માણસ પ્રકૃતિ છોડી શકતો નથી. તે પ્રકૃતિના ગુણોને આધીન છે, તે પ્રકૃતિના ગુણોને પાર કરી જાય તો ગુણાતીત બની જાય, આવા ગુણાતીતને જન્મ, જરા, મૃત્યુ અને દુઃખોનું બંધન રહેતું નથી.''

(અધ્યાય ૧૪, શ્લોક ૫,૨૦,૨૪,૨૫,૨૬)



## વાર્તા - ૨૯

એક જંગલમાં એક સિંહ રહેતો હતો. પોતાને ભૂખ હોય કે ન હોય તે પ્રાણીઓને મારી નાંખતો. પ્રાણીઓને થયું, ''આમ તો નિકંદર નીકળી જશે.'' એમણે એક યોજના ઘડી. તેઓએ સિંહને કહ્યું, ''તમારા આહાર માટે અમે દરરોજ એક પ્રાણી હાજર થઈશું, આપ નિરર્થક અમારો સંહાર ન કરો.''

સિંહને વાત ગમી. તેને વગર મહેનતે શિકાર મળવાની ખાત્રી મળી. આ પછી દરરોજ એક પ્રાણી સિંહના આહાર માટે તેની પાસે જવા લાગ્યું. એક દિવસ સસલાનો વારો આવ્યો. તે સિંહ પાસે જવા નીકળ્યું. તેણે રસ્તામાં એક કૂવો જોયો. કૂવામાં પાણી છે કે નહિ તે જોવા તેણે કૂવામાં ડોકિયું કર્યું. કૂવામાં પાણી ભર્યું હતું. તેણે તેમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને તેને એક ચમકારો થયો. તે સિંહ પાસે પહોંચ્યું. સિંહે પૂછ્યું, ''કેમ મોડું આવ્યું ?'' સસલાએ કહ્યું, ''મહારાજ રસ્તામાં બીજો સિંહ મળી ગયો. તે કહેતો હતો કે હું જંગલનો રાજા છું. મને તે આવવા દેતો ન હતો, હું માંડ આવ્યો છું.''

સિંહ તેની વાત સાંભળીને ગુસ્સે થઈ ગયો, ''હું બેઠો છું, અને બીજો રાજા ક્યાંથી પેદા થઈ ગયો.'' તેણે સસલાને ''કહ્યું,

"ચાલ, બતાવ તે ક્યાં છે ?" સસલું સિંહને કૂવા પાસે લઇ ગયું અને કહ્યું, "જુઓ, મહારાજ ! તે આ કૂવામાં છે." સિંહે કૂવામાં જોયું. તેણે પોતાનું પ્રતિબિંબ દીઠું અને ત્રાડ નાંખી. ત્રાડનો પડઘો પડ્યો. તેને થયું કે કૂવામાં નક્કી બીજો સિંહ છે, તે કૂવામાં કૂદ્યો અને ડૂબી મર્યો.

ગીતા :- "દંભ, ઘમંડ, અભિમાન, કઠોરતા અને અજ્ઞાન આસુરી સંપદા છે. આવી સંપદાવાળો વગર વિચાર્યે ગમે તેવું કર્મ કરી બેસે છે અને પોતાનો નાશ નોતરે છે."

(અધ્યાય ૧૬, શ્લોક ૪,૭,૮,૯,૧૦,૧૧,૧૨)



## વાર્તા - ૩૦

બે મિત્રો હતા. એકનું નામ ધર્મબુદ્ધિ હતું. બીજાનું નામ પાપબુદ્ધિ હતું. તેઓ થોડું ઘણું માંડ કમાતા. એટલે તેઓએ એક દિવસ બીજા નગરમાં કમાવા જવાનો નિર્ણય કર્યો.

તેઓ બીજા નગરમાં ગયા, અને સારું કમાયા. એક દિવસ તેઓને વતન જવાનું મન થયું. તેઓ એક દિવસ એક કોથળીમાં સોનાની સિક્કા ભરીને વતન જવા નીકળ્યા. જ્યારે તેઓ ગામ પાસે પહોંચ્યા કે પાપ બુદ્ધિને પાપ સ્ફૂર્યું. તેણે સોનાના બધા સિક્કા હડપ કરી લેવાનો કારસો રચ્યો. તેણે ધર્મબુદ્ધિને કહ્યું, "આપણે સિક્કા અહીં દાટી દઇએ, ખાલી હાથે ગામમાં જઇએ નહિતો સગાસ્નેહીઓ ઉધાર ઉછીના માંગીને જીવ ખાશે." અને પછી કહ્યું, "લોકોને લાગે કે આ તો ખાલી ખમ છે, ત્યારે કાઢી જઇશું." બંન્નેએ સિક્કા એક શમીવૃક્ષ નીચે ખાડો ખોદીને દાટી દીધા.

બીજે દિવસે પાપબુદ્ધિ શમીવૃક્ષનીચે ગયો, અને સિક્કા કાઢી લીધા. પછી એક દિવસ તેણે ધર્મબુદ્ધિને કહ્યું, "આપણે સિક્કા કાઢી લાવીએ." બંન્ને સિક્કા કાઢવા ગયા, પણ સિક્કા ગાયબ હતા. ધર્મબુદ્ધિને પાપબુદ્ધિ ઉપર શંકા ગઇ. પણ પાપબુદ્ધિ સાવ ના મક્કર

ગયો. છેવટે ધર્મબુદ્ધિએ રાજાને ફરિયાદ કરી. રાજાને ધર્મબુદ્ધિની વાત સાંભળીને પાપબુદ્ધિ ઉપર શંકા ગઈ. તેણે પાપ બુદ્ધિને તેડાવ્યો. તેણે જલ્લાદ ને કહ્યું, ‘‘જ્યાં સુધી પાપબુદ્ધિ સાચું ન બોલે ત્યાં સુધી તેને કોરડા ફટકારો.’’ જલ્લાદ કોરડો લઈને હાજર થયો, અને પાપબુદ્ધિના હાજા ગગડી ગયા, તેણે ગુન્હાની કબૂલાત કરી. રાજાએ ધર્મબુદ્ધિને બધા સિક્કા આપી દીધા અને પાપ બુદ્ધિને કારાવાસમાં ધકેલી દીધો.

ગીતા :- ‘‘આસુરી જનોમાં આતરમ બાહ્ય શુદ્ધિ હોતી નથી. તેઓ સાચું બોલતા નથી કે સાચું આચરણ કરતા નથી. તેઓ નીચ ગતિને પામે છે અને ઘોર નરકમાં પડે છે.’’

(અધ્યાય ૧૬ શ્લોક ૭ અને ૧૦)

દૈવી સંપદા એટલે મોક્ષ, આસુરી સંપદા એટલે બંધન.

— કાકા કાલેલકર



## વાર્તા - ૩૧

સોમાલિક નામનો એક વણકર હતો. તે ઘણો હોંશિયાર હતો પણ તેનો નિર્વાણ માંડ માંડ ચાલતો. એખ દિવસ તેણે પોતાની પત્નિને કહ્યું, ‘‘અહીં આપણા કામની કદર થતી નથી. હું બીજે કમાવા જઉં !’’ તેની પત્નિને આ ગમ્યું નહિં. તેણે કહ્યું, ‘‘આપણા ભાગ્યમાં હોય તેટલું મળે. બીજે જવું નથી.’’

પણ સોમાલિક તો બાજુના નગરમાં કમાવા નીકળી ગયો. તે ત્યાં થોડાક વર્ષો રહ્યો અને ૩૦૦ સોનામહોર કમાયો. એક દિવસ પોતાને ગામ જવા નીકળ્યો. રસ્તામાં અંધારું થઈ ગયું. આગળ વધવામાં સલામતી ન લાગી. તે એક ઝાડ હેઠળ બેઠો. તે થાકી ગયો હતો એટલે તેને ઉંઘ આવી ગઈ. ઊંઘમાં તેને સપનું આવ્યું. સપનામાં બે માણસો વાતો કરતા હતા. એક જણે પૂછ્યું, ‘‘સોમાલિક ભલે માંડ માંડ પણ નિર્વાહ ચાલે એઠલું તો કમાય છે, તો પણ તેં તેને ૩૦૦ સોનામહોર કેમ આપી ?’’ બીજાએ કહ્યું, ‘‘મહેનત કરે તેને બદલો આપવો જોઈએ. પછી તેની પાસે તે ટકે છે કે નહિ તેનો આધાર તેના ઉફર છે.’’ આ સંવાદ સાંભળતાં સોમાલિકની ઊંઘ ઉડી ગઈ. તેણે સોનામહોર છે કે નહિ તે જોયું. સોનામહોર ગાયબ હતી ! સોમાલિકને ખૂબ દુ:ખ થયું પણ તે

હિંમત હાર્યો નહિ, તેણે ગામ જવાનું માંડી વાળ્યું. અને ફરી પાછો પેલા નગર ભણી ઉપડ્યો. આ વખતે તે ૫૦૦ સોનામહોર કમાયો. અને ફરી પાછો ગામ જવા નીકળ્યો, આ વખતે પણ તે પેલા ઝાડ હેઠળ બેઠો. તેને ઊંઘ આવી ગઇ. ફરી સપનું આવ્યું. સપનામાં પેલા બેય માણસો વાતો કરતા હતા. એક જણે વળી પૂછ્યું, ‘‘સોમાલિક નિર્વાહ પૂરતું તો કમાય છે, તો પણ તેં તેને પાંચસો સોનામહોર કેમ આપી ?'' બીજાએ વળી કહ્યું,. ‘‘મહેનત કરે તેને બદલો તો આપવો જોઇએ. પછી સોનામહોર ટકે કે નહિ તેનો આધાર તેના ઉપર છે.'' સોમાલિક જાગી ગયો. તેણે જોયું કે સોનામહોર ગાયબ હતી !તે નિરાશ થઇ ગયો. તે આપઘાત કરવા તૈયાર થયો, અને તેણે અવાજ સાંભળ્યો, ‘‘સોમાલિક, આપઘાત કરીશ નહિ. સોનામહોર મેં લીધી છે. તને તારા નિર્વાહ પૂરતું આપ્યું છે, મારી ઇચ્છા વિરુદ્ધ કામના ન કર, તારે વતન જા !''

ગીતા :- ‘‘માણસે પોતાની નહિ પણ ઇશ્વરની ઇચ્છા મુજબ વર્તવું જોઇએ. જે પોતાની ઇચ્છા મુજબ વર્તે છે તેને નથી સિદ્ધિ મળતી નથી પરમગતિ મળતી કે નથી સુખ મળતું !''

(અધ્યાય ૧૬, શ્લોક ૨૩,૨૪)



## વાર્તા - ૩૨

એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેની પાસે જમીન નો એક ટુકડો હતો. તેમાં તેનું ગુજરાન ચાલતું પણ તેને ધનની બહુ ભૂખ હતી.

એક દિવસ તે પોતાના ખેતરમાં ઝાડને છાંટે બેઠો હતો. તેણે એખ નાગ આવતો દીઠો. તેણે સાંભળ્યું હતું કે જો નાગદેવતાને પ્રસન્ન કરીએ તો તે ન્યાલ કરી દે ! તે દિવસે તો તેણે બે હાથ જોડીને નાગદેવતાને પ્રણામ કર્યા. પણ બીજે દિવસે દૂધનો કટોરો ભરીને ખેતરે ગયો અને નાગદેવતા નીકળે તેની રાહ જોવા લાગ્યો. નાગ નીકળ્યો કે તેણે તેની સન્મુખ દૂધનો કરોટો ધર્યો. નાગદૂધ પીને જતો રહ્યો, પણ બ્રાહ્મણે જોયું કે કટોરામાં સોના મહોર હતી ! તે ખુશ થઇ ગયો અને હવે તે દરરોજ નાગને દૂધ પાતો અને સોનામહોર મેળવતો.

એક દિવસ તેને બહાર ગામ જવાનું થયું. તે પોતાના પુત્રને નાગને દૂધ પાવાની સૂચના આપી બહાર ગામ ગયો. તેનો પુત્ર દૂધ લઇને ખેતરે ગયો, નાગ નીકળ્યો. તેણે દૂધનો કટોરો ધર્યો, નાગ દૂધ પી ગયો. કટોરામાં સોના મહોર છોડી નાગ દરમાં જતો રહ્યો.

બ્રાહ્મણના દીકરીને નવાઇ લાગી, તેણે માન્યું કે દરમાં સોના સિક્કાઓનો ખજાનો ભર્યો હશે. તેને થયું તે ખજાનો હાથ વગો કરી લેવો જોઇએ. તે દર પાસે ગયો દર ખોદવા માંડ્યો. દર ખોદતી વખતે નાગ જખ્મી થયો તે ફૂત્કારી ઉઠ્યો અને બ્રાહ્મણના દીકરાને દંશ દઇ લીધો. તે તત્કાળ મૃત્યુ પામ્યો.

બ્રાહ્મણ બહારગામથી આવ્યો. તેને ઘટનાની ખબર પડી. તેને દીકરાના મોતનો આઘાત ન લાગ્યો. ઉલટાનો તે દીકરા ઉપર ધૂંધવાયો. તેને હવે સોનામહોર નહિ મળે તેનું દુઃખ થયું.

બીજે દિવસે તે દૂધનો કટોરો લઇને ખેતરે ગયો. નાગદેવતાના દર પાસે તેણે કટોરો મૂક્યો. નાગ બહાર નીકળ્યો અને બોલ્યો, “તું ધન લોલુપ છો, તને દીકરાનો મોહ નથી. ધનનો મોહ છે. મને દંશ દીધાનો અફસોસ છે, પણ તને દીકરાના મોતનો જરાય આઘાત નથી.” અને પછી કહ્યું. “હવેથી તું કદી મારી પાસે આવતો નહિ.”

બ્રાહ્મણને ધનનો લોભ લાગ્યો ન હોત તો ?

ગીતા :- “કામ, ક્રોધ અને લોભ ત્રણે આત્માનો નાશ કરનારા છે, તે માણસને અધોગતિએ લઇ જનારા છે, ત્રણેને તજવાં સારાં.”

(અધ્યાય ૧૬ શ્લોક ૨૧,૨૨)



## વાર્તા - ૩૩

ચાર મિત્રો હતા. ગરીબ હતા. ગરીબાઇથી કંટાળીને ધન કમાવા નીકળ્યા. રસ્તામાં એમને એક સાધુ મહાત્મા મળ્યા. તેણે પૂછ્યું, “ક્યાં જાઓ છો ?” ચારેયે કહ્યુ, “અમે ગરીબાઇથી ત્રસ્ત થઇ ગયા છીએ, અમારે ધન કમાવું છે જો તે નહિ મળે તો અમે મોતને વહાલું કરી લઇશું.”

સાધુ મહાત્માને એમના ઉપર દયા આવી. તેણે તેમને ચાર વાટ વાળો એક દીવો આપ્યો. અને કહ્યું, “તને ઉત્તર તરફ જાઓ. દીવાની વાટો બુઢાય નહિ ત્યાં સુધી ચાલતા રહેજો. જ્યાં જ્યાં વાર બુઝાશે ત્યાં તમને દોલત મળશે.”

ચારેય રવાના થયા. દીવાની એક વાટ બુઝાઇ ગઇ. ત્યાં ખોદ્યું તો તાંબાની ખાણ નીકળી. એક મિત્ર તાંબુ લઇને પાછો વળ્યો. બાકીના ત્રણ આગળ ચાલ્યા. થોડુંક ચાલ્યા કે બીજી વાટ બુઝાઇ ગઇ, ત્યાં ખોદ્યું તો ચાંદીની ખાણ નીકળી. બીજો મિત્ર ચાંદી લઇને પાછો વળ્યો, બાકીના બે આગળ વધ્યા. થોડુંક ચાલ્યા કે ત્રીજી વાટ બુઝાઇ ગઇ, ત્યાં ખોદ્યું તો સોનાની ખાણ નીકળી ત્રીજો મિત્ર સોનું લઇને પાછો વળ્યો. ચોથો મિત્ર એકલો આગળ વધ્યો. તે થોડુંક ચાલ્યો કે ચોથી વાટ બુઝાઇ ગઇ. ત્યાં ખોદ્યું તો હીરાની

ખાણ નીકળી. હીરાઓમાંથી તેજ કિરણો ફૂટી રહ્યાં હતાં. તે જોઈને વાહ ! વાહ ! બોલતાં તે પાગલ થઈ ગયો.

ગીતા :- ''માણસ આશાઓના ફંદાઓમાં ફસાઈને ધન સંપત્તિ ભેગી કરવા મથે છે. તેને થાય છે, આટલું મળ્યું, હજી આટલું મળશે, અરે ! બીજું આટલું મળશે, આમ રચ્યા પચ્યા રહેનારો છેવટે નરકમાં પડે છે.''

(અધ્યાય ૧૬ શ્લોક ૧૨-૧૬)



## વાર્તા - ૩૪

એક તળાવને કાંઠે જાંબુનું ઝાડ હતું. તેના ઉપર એક વાંદરો રહેતો હતો. એક દિવસ એક મગર તે તળાવમાંથી નીકળી. જાંબુના ઝાડ હેઠળ બેઠો. વાંદરાએ તેને જોયો. તે જાંબુ ખાતો હતો. તેણે થોડાંક જાંબુ મગરને ખાવા માટે આપ્યાં. મગરને જાંબુ ભાવ્યો. હવે તે દરરોજ કાંઠે આવવા લાગ્યો. વાંદરો તેને જાંબુ આપતો રહ્યો. બેય ભાઈબંધ થઈ ગયા.

એક દિવસ વાંદરાએ થોડાંક જાંબુ મગરને તેની પત્નિને માટે આપ્યાં. મગરની પત્નિને તે ખૂબ ભાવ્યાં. એકવાર તેણે મગરને કહ્યું, ''વાંદરો દરરોજ આવાં મીઠા જાંબુ ખાય છે, તો તેનું કાળજું કેવું મીઠું હશે ! મારે ખાવું છે. મગરે તેને સમજાવી પણ મગરીએ કહ્યું, ''તમે મને તેનું કાળજુ નહિ લાવી આપો તો હું મારો જીવ દઈ દઈશ.'' અને મગર તળાવને કાંઠે ગયો. તેણે વાંદરાને કહ્યું ''તારી ભાભીએ તને ભોડનનું આમંત્રણ આપ્યું છે, તો ચાલ ! વાંદરો રાજી થયો પણ તેણે કહ્યું, ''હું ત્યાં આવું કેવી રીતે ?'' મગરે કહ્યું, ''એમાં શી વાત છે ? મારી પીઠ ઉપર બેસી જા, હું લઈ જઈશ.'' વાંદરો ઝાડ ઉપરથી હેઠો ઉતર્યો. તે મગરની પીઠ ઉપર બેઠો. મગર ઉપડ્યો. થોડેક ગયો કે તે બોલ્યો ''આજે તારી ભાભીને તારું કાળજું

ખાવાનું મન થયું છે !'' વાંદરો બધું સમજી ગયો. તેણે કહ્યું, ''અરે દોસ્ત ! તું વહેલો કેમ ન બોલ્યો ? મારું કાળજું તો હું જાંબુના ઝાડ ઉપર છે.'' પછી તેણે કહ્યું, ''જો તું મને કાંઠે લઈ જા તો હું તે લઈ આવું.'' મગર તેની યુક્તિ સમજ્યો નહિ. જેવો તે કાંઠે પહોંચ્યો કે વાંદરો કૂદીને ઝાડ ઉપર ચડી ગયો અને બોલ્યો, ''મૂર્ખ, શું કાળજુ ઝાડ ઉપર હોય ? જા, ચાલ્યો જા ! હવે કદી આવીશ નહીં.'

ગીતા :- ''આ લોકમાં માણસો બે પ્રકાર છે. દૈવી પ્રકૃતિના અને આસુરી પ્રકૃતિના આસુરી પ્રકૃતિના માણસો કુકર્મી હોય છે, આસુરી સંપદા બાંધવી નહિ.''

(અધ્યાય ૧૬, શ્લોક ૫,૬,૯)

કદી કાળજુ ખાવાનું મન કરવું નહિ.



## વાર્તા - ૩૫

એક તળાવમાં બે માછલીઓ રહેતી હતી. તે ઘમંડી હતી. એક વખત માછીમારો તે તળાવે ગયા. તળાવમાં માછલીઓ જોઈને બોલ્યા, ''આ માછલીઓ પકડવા જેવી છે.''

આ વાત દેડકો સાંભળી ગયો. તેને ચિંતા થઈ. તેણે માછલીઓને તે વાત કરી અને પૂછ્યુ, ''આપણે હવે શું કરીશું ? માછલીઓ તેની વાત સાંભળીને હસી પડી. તેણે કહ્યું, ''તને ડર લાગતો હોય તો તું જા, અમને અમારું રક્ષણ કરવાની ત્રેવડ છે.'' દેડકો તળાવ છોડીને જતો રહ્યો.

બીજે દિવસે માછીમારો આવ્યા. એમણે તળાવમાં જાળ નાંખી, ઘણી માછલીઓ જાળમાં આવી ગઇ, પેલી બે ઘમંડ માછલીઓ પણ જાળમાં ફસાઇ ગઇ. એમણે જાળમાંથી છુટવા બહુ પ્રયત્ન કર્યો પણ છટકી શકી નહિ. માછીમાર એમને લઈને ચાલતો થયો. પેલો દેડકો એમને દેખી ગયો. તે બોલ્યો, ''ઘમંડનું કેવું દુઃખદ પરિણામ આવ્યું ?''

ગીતા :- ''દંભ, ઘમંડ અને અભિમાન આસુરી સંપદા છે, તેને પરાયણ રહેનારા નીચ ગતિને પામે છે.''

(અધ્યાય ૧૬ શ્લોક ૪,૧૮,૨૦)

## વાર્તા - ૩૬

એક રાજા હતો. તેણે એક વાંદરો પાળ્યો હતો. વાંદરો રાજાની સેવા કરતો. રાજાને તે પંખો પણ નાંખતો.

એક વખત રાજા સૂતો હતો અને વાંદરો પંખો નાંખતો હતો. એ વખતે એક માખી ઉડતી ઉડતી આવી અને રાજાના ગાલ ઉપર બેઠી. વાંદરાએ તેને ઉડાડી મૂકી. પણ માખી તો પાછી આવી અને રાજાના નાક ઉપર બેઠી. વાંદરાએ તેને ફરી પાછી ઉડાડી. પણ માખીએ ટેવ છોડી નહિ, અને વાંદરાને ગુસ્સો ચડ્યો, તેણે પંખો પડતો મૂક્યો અને રાજાની તલવાર હાથમાં લીધી, "હવે જો બેઠી તો એક ઘા અને બે કટકા !"

અને માખી રાજાની છાતી ઉપર બેઠી, વાંદરાએ સોઈ ઝાટકીને માખી ઉપર તલવારનો ઘા કર્યો. માખી તો ઉડી ગઈ પણ રાજા મૃત્યુ પામ્યો.

ગીતા :- "શું કરવું અને શું ન કરવું તે નક્કી કરતી વખતે માણસે પોતાના ગમા અને અણગમાને આધીન થવું ન ઘટે, તેણે શાસ્ત્રના વિધાન અનુસાર અર્થાત્ જીવન રુપી શાસ્ત્ર જે શિખામણ આપે છે તે અનુસાર કર્મ કરવું ઘટે."

(અધ્યાય ૧૭, શ્લોક ૨૪)



## વાર્તા - ૩૭

એક સરોવરને કાંઠે એક બગલો રહેતો હતો. તે કાંઠે એક ખખડધજ ઝાડ રહેતું હતું. તેના પોલાણમાં એક સાપ રહેતો હતો. તે બગલાના બચ્ચાંઓને ખાઈ જતો. એખ વખત બગલો આંસુ સારતો સરોવરની પાળે ઉભો હતો. ત્યાં એક કરચલો નીકળ્યો. તેણે બગલાને પૂછ્યું, "બગ ભગત, તું શા માટે રડે છે ?" બગલાએ કહ્યું, "અહીં એખ સાપ રહે છે તે મારા બચ્ચાંઓને ખાઈ જાય છે, મારું હૈયું ચારાઈ જાય છે !" કરચલાએ કહ્યું, "પણ આમ રોવાથી તારું દુઃખ નહિં મટે !" બગલાએ પૂછ્યું, "તો શું કરું ?" કરચલાએ કહ્યું, "પણ નોળિયાનું ઘર છે, તેને વાત કર પછી જો મઝા !"

બગલો નોળિયા પાસે ગયો. તેણે આંખમાં આસુ સાથે પોતાની વિતક કથા કહી. નોળિયાને દુશ્મનને હણવાનું કારણ મળી ગયું. તે બગલા સાથે ગયો. તેણે સાપને પડકાર્યો અને મારી નાંખ્યો, અને પછી બગલાની ડોક પકડી. બગલાએ કહ્યું, "હં ! હં ! આ શું કરો છો ? હું કંઇ તમારો દુશ્મન નથી." નોળિયાએ કહ્યું, "આજે તું મારા દુશ્મનની ફરિયાદ કરવા મારી પાસે આવ્ય.ો હતો, કાલે તું મારી ફરિયાદ મારા દુશ્મનને કરશે, તને જીવતો છોડી શકાય નહિ,

"અને તેણે બગલાની ડોક મરડી નાંખી, પછી તે ચાલ્યો ગયો.

ગીતા :- "હે ભારત ! તું સર્વ રીતે પરમાત્માને શરણે જા, તેની કૃપાથી તને પરમ શાંતિ મળશે, અને શાશ્વત પરમ ધામ પણ મળશે."

(અધ્યાય ૧૮ શ્લોક ૬૨)

શાશ્વત શાંતિ માટે માણસે "નોળિયાઓ" ને શરણે નહિ પણ પરમાત્માને શરણે જવું જોઈએ.



## વાર્તા - ૩૮

એક મંદિરમાં એક સાધુ રહેતો હતો. તે ભિક્ષામાંગીને ગુજરાન ચલાવતો. પેટ પૂજા કરી વધેલી ભિક્ષા પોતાની કુટિયાની છાજલી ઉપર મૂકી દેતો. એક ઉંદર તે ખાઈ જતો. સાધુ તે ઉંદરને ભગાડવા ધાજલી ઉપર સોટી ફટકકારતો. એક દિવસ તેનો મિત્ર આવ્યો. સાધુ છાજલી ઉપર સોટી ફટકારતો હતો. મિત્રે પૂછ્યું, "અલ્યા શું કરે છે ?" સાધુએ કહ્યું, "હું આ છાડલી ઉપર જે ભિક્ષા મૂકું છું તે ઉંદર ખાઈ જાય છે. એટલે સોટી ફટકારી તેને ભગાડું છું." મિત્રને સાધુની વાત સાંભળીને નવાઈ લાગી, આટલી ઉંચાઈએ ઉંદર શેં પહોંચતો હશે !" તેણે તે વિશે ખૂબ વિચાર્યું અને પછી સાધુને પૂછ્યુ, "તારી પાસે કંઈ ધન છે ?" સાધુએ કહ્યું, "હા થોડુંક છે !" તે ક્યાં રાખ્યું છે ? સાધુએ કહ્યું, "કુટુયાના એક ખૂણામાં દાટ્યું છે." મિત્ર ત્યાં ગયો. તેણે જોયું કે સાધુએ જ્યાં ધન દાટ્યું હતું, ત્યાં એક દર હતું. તે રહસ્ય પામી ગયો. તેણે કહ્યું, આ ધન ઉંદરને છાજલી સુધી પહોંચવાનું બળ પુરુ પાડે છે. તે તેનું નસીબ છે. પછી તેણે સાધુને ત્યાંથી ધન હટાવી લેવા કહ્યું. સાધુએ ત્યાંથી ધન હટાવી લીધું. બીજે દિવસ ઉંદર કૂદકા મારી મારીને થાકી ગયો પણ છાડલી સુધી પહોંચી શક્યો નહીં.

ઉંદર ભાઈના નસીબમાં હતું ત્યાં સુધી તેણો ભોગવ્યું. જેવું તે હટાવ્યું કે તે છાજલી સુધી પહોંચી શક્યો નહીં.

ગીતા :- માણસ જે કંઈ કર્મ કરે છે, પછી તે ન્યાયી હોય કે અન્યાયી હોય, તેના પાંચ કારણો હોય છે, અધિષ્ઠાન, કર્તા, કારણ, ચેષ્ટા અને દૈવ. આમાંથી કોઈ કારણ ખૂટે છતાં માણસ ''હું કરું છું.'' એમ માની બેસે તે અજ્ઞાન છે.''

(અધ્યાય ૧૮, શ્લોક ૧૪,૧૫,૧૬)



## વાર્તા - ૩૯

એક જંગલમાં બજદંત નામે હાથી રહેતો હતો. તે રાજા હતો. એખ વખત દુકાળ પડ્યો નદીનાળાં અને સરોવરો સુકાઈ ગયાં. હાથીઓ પાણી વગર મરવા પડ્યા. બધાએ ભેગા થઈને વજદંતને કંઈક ઉપાય ખોળી કાઢવા વિનંતી કરી. વજદંત બધા હાથીઓને પાણીથી ભરેવા એક સરોવર પાસે દોરી ગયો. સરોવરને કાંઠે સસલાં રહેતાં હતાં. હાથીઓના ટોળાએ કેટલાકને કચડી નાંખ્યાં. હાથીઓનું ટોળું પાણી પીને પાછું વળ્યું. ત્યારે બધા સસલા ભેગા થયાં. તેમણે વિચાર્યું, ''હાથીઓ હવે અવાર નવાર અહીં આવશે, અને આપણું નિકંદન નીકળી જશે, કંઈક ઉપાય કરવો જોઈએ.'' એમણે એક બુદ્ધિશાળી સસલા લંબકર્ણને હાથીઓના રાજા પાસે મોકલવા નિર્ણય કર્યો.

અને લંબકર્ણ રાજાને મળવા ચાલી નીકળ્યો. રસ્તામાં તેને એક ઉપાય સૂઝી આવ્યો. તે હાથીઓના રાજા પાસે ગયો અને કહ્યું, હું સોમદેવનો દૂત છું. અમે સોમદેવના અનુયાયીઓ છીએ. તમે અમને કેટલાંકને કચડી નાંખ્યા છે, તેથી સોમદેવ ગુસ્સે થયા છે. હું એમના પ્રકોપથી તમને ચેતવવા આવ્યો છું.'' સોમદેવના ગુસ્સાની વાત સાંભળી વજદંત ગભરાઈ ગયો. તેણે વિચાર્યું, ''મારે એમનો

કોપ શાંત પાડવો પડશે.'' તેણે લંબકર્ણને કહ્યું, ''મારે સોમદેવને મળવું છે.'' લંબકર્ણ તેને પેલા સરોવર પાસે લઇ ગયો. પૂનમની રાત હતી. ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો. તેનું પ્રતિબિંબ સરોવરમાં પડતું હતું. લંબક્રણે પ્રતિબિંબ બતાવતાં કહ્યું, ડુઓ. આ રહ્યા, સોમદેવ!'' હાથીએ પ્રતિબિંબ જોયું. તેને થયું, ''કેવો તેજસ્વી દેવતા છે ! તે કોપે તો શું થાય ?'' અને તેણે સોમદેવની માફી માંગી, અને પછી પોતાનું ટોળું લઇને તે ત્યાં કદી ગયો નહિ.

સોમદેવના નામ અને દર્શન માત્રથી સસલાઓની આફત ટળી ! શરણે જાય તો ?

ગીતા :- ''તું પરમેશ્વરને શરણે જા, તેની કૃપાથી તું પરમશાંતિ અને પરમ આનંદ પામીશ.''

(અઘ્યાય ૧૮, શ્લોક ૨ અને ૫૬)



## વાર્તા - ૪૦

મંથર નામને એક કઠિયારો હતો તે લાકડાં વેંચીને ગુજરાન ચલાવતો. એકવાર તે કુહાડી લઇને લાકડાં કાપવા ગયો. તેણે જંગલમાં એક મોટું ઝાડ જોયું. તેને કાપવાનો તેણે નિર્ણય કર્યો. એ વૃક્ષ ઉપર યક્ષ રહેતો હતો. યક્ષે તેને કહ્યું, ''મંથર તું આ વૃક્ષ કાપીશ નહિ !'' મંથરે કહ્યું, ''તો હું મારો ગુજારો શી રીતે કરું ?'' યક્ષ તેની મજબૂરી સમજ્યો. તેણે કહ્યું, ''જો તું આ વૃક્ષ કાપીશ નહિ તો હું તારી એક મનોકામના પુરી કરીશ. બોલ શું જોઇએ ?'' મંથર રાજી તો થઇ ગયો પણ મુંઝાઇ ગયો કે શું માંગવું. તેણે કહ્યું, ''હું મારી પત્નિને પૂછીને જે માંગવું હોય તે માંગીશ.'' યક્ષે કહ્યું, ''ભલે.'' મંથર પોતાની પત્નિની સલાહ લેવા ઘરે ગયો. તેણે પત્નિને બધી વાત કરી અને પૂછ્યું,. ''હું શું માંગુ ?'' પત્નીએ કહ્યું, ''તમે બે હાથે બહુ કામ કરી શકતા નથી, તમે બીજા બે હાથ અને એક વધુ માથું માંગજો.''

મંથર યક્ષ પાસે ગયો. તેણે બીજા બે હાથ અને એક વધુ માથું માંગ્યા. યક્ષે ''તથાસ્તુ'' કહ્યું અને મંથર બે માથાં અને ચાર હાથવાળો થઇ ગયો ! તે ગામમાં આવ્યો. ગામ લોકોને લાગ્યું કે ગામમાં કોઇ રાક્ષસ આવ્યો છે અને બધાંયે ભેગાં મળીને મંથર ના સોએ વર્ષ પૂરાં કરી દીધાં !

ગીતા :- "શરૂઆતમાં વિષ જેવું લાગે પણ જેનું પરિણામ અમૃત જેવું હોય તે સાત્ત્વિક સુખ છે. શરૂઆતમાં અમૃત જેવું લાગે પણ જેનું પરિણામ વિષ જેવું હોય તે રાજસી સુખ છે. જે આત્માને મોહિત કરે અને દુઃખ આપે તે તામસ સુખ છે. માણસે તમોગુણથી સત્ત્વગુણ ભણી જવું ઘટે."

(અધ્યાય ૧૮, શ્લોક ૩૬ થી ૩૯)



## છેલ્લું પાનું

"આમ ગુહ્યમાં ગુહ્ય જ્ઞાન મેં તને કહી દીધું,
હવે તું આ રહસ્યમય જ્ઞાન ને
યોગ્ય રીતે વિચારીને જેમ ઈચ્છે તેમ કર !"

(ગીતા : અધ્યાય ૧૮, શ્લોક ૬૩)